**ગ્રાહક માટે માહિતીલક્ષી બ્રોશર**

- **''સેવિંગ્સ એકાઉન્ટ''** એ આરબીઆઈ દ્વારા સેવિંગ્સ એકાઉન્ટ (બચત ખાતું) ખોલાવવા પાત્ર હોવા તરીકે સવિશિષ્ટ માન્ય કરાયેલ વ્યક્તિઓ/મંડળો માટેનું સક્રિય (ઑપરેટિવ) બેંકિંગ એકાઉન્ટ છે. અમુક નૉન–પ્રોફિટ કલ્યાણકારી સંસ્થાઓને પણ બેંકમાં સેવિંગ્સ બેંક એકાઉન્ટ ખોલવાની અનુમતિ મળેલ છે. સેવિંગ્સ એકાઉન્ટમાં રહેલી બેલેન્સ પર વ્યાજ આરબીઆઈ દ્વારા નિર્ધારિત દરે ચુકવવામાં આવે છે. અન્યોની સાથે સેવિંગ્સ એકાઉન્ટ ખોલાવવા પાત્ર મંડળોમાં નિવાસી અને બિનનિવાસી ભારતીય વ્યક્તિઓ, ટ્રસ્ટો, સોસાયટીઓ, કંપનીઝ ઍક્ટની કલમ 25 હેઠળ નોંધાયેલી કંપનીઓ સામેલ છે. અમુક સરકારી મંડળો પણ સેવિંગ્સ એકાઉન્ટ ખોલાવી શકે છે પરંતુ આ આરબીઆઈ દ્વારા વખતોવખત આલેખિત શરતોના પાલનને આધીન રહે છે.

- **''કરન્ટ એકાઉન્ટ''** એ બેંક એકાઉન્ટ ખોલાવવા પાત્ર બધા જ લોકો માટે ઑપરેટિવ બેંકિંગ એકાઉન્ટ છે. કરન્ટ એકાઉન્ટમાં રહેલી બેલેન્સ પર કોઈ વ્યાજ ચુકવવામાં આવતું નથી જે આરબીઆઇના નિર્દેશ મુજબ છે.

- **''ટર્મ ડિપોઝિટ''** એટલે બેંક દ્વારા નિશ્ચિત મુદત માટે મેળવેલી ડિપોઝિટ. ડિપોઝિટ મૂકવા સમયે પ્રવર્તમાન દરે વ્યાજ ચુકવવામાં આવે છે. ટર્મ ડિપોઝિટોમાં ક્વાર્ટરલી પેઆઉટ ડિપોઝિટ, મંથલી પેઆઉટ ડિપોઝિટ અને ક્યુમ્યુલેટિવ ડિપોઝિટો જેવી ડિપોઝિટો સામેલ છે. બધા જ ટર્મ ડિપોઝિટ એકાઉન્ટ ખોલાવવા પાત્ર છે સિવાય કે કાયદા અથવા નિયામક બંધારણીય માર્ગદર્શિકા દ્વારા પ્રતિબંધિત હોય એ લોકો.

- **''રિકરિંગ ડિપોઝિટ''** એ ડિપોઝિટ છે જે નિયમિત આવક ધરાવતા લોકોને દર મહિને તેમનાં રિકરિંગ ડિપોઝિટ એકાઉન્ટમાં એક નિશ્ચિત રકમ જમા કરવામાં અને ટર્મ ડિપોઝિટોને લાગુ થતા દરે તેના પર વ્યાજ મેળવવામાં મદદ કરે છે. આ અમુક રકમની ટર્મ ડિપોઝિટ માસિક હપ્તાઓમાં કરવા બરાબર છે દા.ત. દર મહિને રૂ.1000. આ ડિપોઝિટ દર મહિને બધા જ હપ્તા ભરાઈ ગયા પછી ભવિષ્યમાં નિર્દિષ્ટ તારીખે પાકે છે. આમ, રિકરિંગ ડિપોઝિટ યોજના ગ્રાહકોને એક નિશ્ચિત મુદત માટે નિશ્ચિત રકમ નિયમિત માસિક ધોરણે જમા કરીને તેમની બચતમાં વૃદ્ધિ કરવાની તક પૂરી પાડે છે.

- ફાઇનાન્શિયલ ઇન્ક્લૂશન પહેલના તેના ભાગ રૂપે આપણી બેંક દ્વારા બેઝિક સેવિંગ્સ બેંક ડિપોઝિટ એકાઉન્ટ (બીએસબીડીએ) અને સ્મોલ એકાઉન્ટ તેની બધી જ શાખાઓમાં આરબીઆઈ દ્વારા નિર્ધારિત ફાઇનાન્શિયલ ઇન્ક્લૂશન–એક્સેસ ટુ બેંકિંગ સર્વિસીસની વિદ્યમાન માર્ગદર્શિકા અંતર્ગત પૂરાં પાડવામાં આવે છે. આ ઉપરાંત, નિયમો અનુસાર બીએસબીડીએ અને સ્મોલ એકાઉન્ટની મુખ્ય વિશેષતાઓ નીચે જણાવવામાં આવી છેઃ

| **માપદંડ** | **બીએસબીડીએ** | **સ્મોલ એકાઉન્ટ** |
|---|---|---|
| કેવાયસી આવશ્યકતા | • સંપૂર્ણ કેવાયસી | • રિલેક્સ્ડ કેવાયસી |
| વિશેષતાઓઃ | • કોઈ ઓછામાં ઓછી બેલેન્સ આવશ્યકતા નહીં.<br>• અમર્યાદિત સંખ્યામાં મફત ટ્રાન્ઝક્શનની સાથે કેશ ડિપોઝિટ જે દર મહિને રૂ.1 લાખની મર્યાદાને આધીન છે.<br>• શાખા પરથી એક મહિનામાં 4 મફત વિથ્ડ્રોઅલ (ઉપાડ).<br>• કોટક સિવાયના અન્ય એટીએમ પર મફત 5 ટ્રાન્ઝક્શનનો<br>• એટ–પાર ચેકબુક<br>• મફત ફોન બેંકિંગ<br>• નેટ બેંકિંગ (વૈકલ્પિક) પ્રતિ કેલેંડર ત્રૈમાસિક રૂ.75/- ના શુલ્કને પાત્ર | • કોઈ ઓછામાં ઓછી બેલેન્સ આવશ્યકતા નહીં.<br>• અમર્યાદિત સંખ્યામાં મફત ટ્રાન્ઝક્શનની સાથે કેશ ડિપોઝિટ જે નાણાકીય વર્ષમાં રૂ.1 લાખની મર્યાદાને આધીન છે.<br>• શાખા પરથી એક મહિનામાં 4 મફત વિથ્ડ્રોઅલ (ઉપાડ).<br>• કોટક સિવાયના અન્ય એટીએમ પર મફત 5 ટ્રાન્ઝક્શન<br>• એટ–પાર ચેકબુક<br>• મફત ફોન બેંકિંગ<br>• નેટ બેંકિંગ ઉપલબ્ધ નથી. |

| | | |
|---|---|---|
| મર્યાદાઓ/પ્રતિબંધો | • અન્ય સેવિંગ્સ એકાઉન્ટ અંતર્ગત માન્ય હોય એ બધા જ ટ્રાન્ઝક્શનો માન્ય છે.<br>• બીએસબીડીએ ધારક બેંકમાં એક જ સમયે વધારાનું અન્ય સેવિંગ્સ એકાઉન્ટ ન ખોલાવી શકે. જોકે, તે સામાન્ય સેવિંગ્સ એકાઉન્ટમાં અપગ્રેડ કરી શકે છે.<br>• જો વિદ્યમાન સેવિંગ્સ એકાઉન્ટ ધારક બીએસબીડીએ ખોલાવે છે તો તેણે વિદ્યમાન સેવિંગ્સ એકાઉન્ટ બીએસબીડીએ ખોલાવ્યાના 30 દિવસોની અંદર બંધ કરવાનું રહે છે. | • નાણાકીય વર્ષ દરમિયાન જમા (ક્રેડિટ) થયેલી બધી રકમનો સરવાળો રૂ.1,00,000 કરતાં વધવો ન જોઈએ.<br>• એકાઉન્ટની બેલેન્સ રૂ.50,000 કરતાં વધારે ન હોવી જોઈએ.<br>• કોઈ એક મહિનામાં ઉધાર (ડેબિટ) થયેલી બધી રકમનો સરવાળો રૂ.10,000 કરતાં વધારે ન હોવો જોઈએ.<br>• વિદેશી ચલણના ટ્રાન્ઝક્શનની પરવાનગી નથી.<br>• સ્મોલ એકાઉન્ટધારક બેંકમાં એક જ સમયે વધારાનું અન્ય સેવિંગ્સ એકાઉન્ટ નથી ખોલાવી શકતા. જોકે, તેઓ કેવાયસી આવશ્યકતાઓનું પાલન કરવા સાથે બીએસબીડીએ/અન્ય સેવિંગ્સ એકાઉન્ટ પ્રકારમાં અપગ્રેડ કરી શકે છે.<br>• જો વિદ્યમાન સેવિંગ્સ એકાઉન્ટ ધારક સ્મોલ એકાઉન્ટ ખોલાવે છે તો તેણે સ્મોલ એકાઉન્ટ ખોલાવ્યાના 30 દિવસોની અંદર વિદ્યમાન સેવિંગ્સ એકાઉન્ટ બંધ કરાવવું જરૂરી બને છે. |

- બેંક દ્વારા ઑટીઝમ, સેરેબ્રલ પાલ્સી, માનસિક રીતે મંદ અને બહુવિધ અપંગતા ધરાવતા લોકોના એકાઉન્ટ કાયદેસર પાલક પ્રમાણપત્ર (લીગલ ગાર્ડિઅનશિપ સર્ટિફિકેટ) આધારે ખોલવામાં આવે છે. આ પ્રમાણપત્ર જિલ્લા ન્યાયાલય દ્વારા મેન્ટલ હેલ્થ ઍક્ટ 1987 અંતર્ગત અથવા નૅશનલ ટ્રસ્ટ ફોર ધ પર્સન્સ વિથ ઑટીઝમ, સેરેબ્રલ પાલ્સી, મેન્ટલ રિટાર્ડેશન અને મલ્ટીપલ ડિસએબિલિટીઝ ઍક્ટ, 1999 અંતર્ગત સ્થાપિત લોકલ લેવલ કમિટીઝ દ્વારા આપવામાં આવે છે. આવા એકાઉન્ટ્સ ખોલવા આવશ્યક પ્રમાણપત્ર માટે કાયદેસર પાલક લોકલ લેવલ કમિટીનો સંપર્ક કરી શકે છે. લોકલ લેવલ કમિટીનું સરનામું નેશનલ ટ્રસ્ટની વેબસાઈટ (www.thenationaltrust.in) પરથી અથવા તમારી નજીકની શાખામાંથી મેળવી શકાય છે. વધુમાં એવી વ્યક્તિઓનાં ખાતાઓ કાયદેસર વાલીપણાનાં પ્રમાણપત્ર વિના ખોલી શકાય છે કે જે ગ્રાહક દ્વારા ખાતરી સંબંધિત છે કે તે/તેણી સક્ષમ છે અને તેના/તેણીના ખાતાનાં રોકાણ સંભાળી શકે છે.
- ઉપર જણાવેલા બધા જ એકાઉન્ટ્સની વિગતો અમારી બધી જ શાખાઓમાં ઉપલબ્ધ છે અને અમારી બેંકની વેબસાઈટ પર પણ દર્શાવવામાં આવી છે.
- બેંક કોઈપણ ડિપોઝિટ એકાઉન્ટ ખોલતા પહેલાં આરબીઆઈ દ્વારા જારી કરાયેલી નો યોર કસ્ટમર (કેવાયસી) માર્ગદર્શિકા અંતર્ગત અથવા અન્ય ધારાધોરણો કે પ્રક્રિયાઓ જે બેંક દ્વારા અપનાવવામાં આવી હોય તે મુજબ આવશ્યક હોવા પ્રમાણે પૂરતી ખાતરી કરશે.
- બેંક દ્વારા એકાઉન્ટ ઑપનિંગ ફોર્મ્સ સંભાવિત ડિપોઝિટરને આપવામાં આવશે. સંભાવિત ડિપોઝિટર ડિપોઝિટ એકાઉન્ટ ખોલાવવા બેંકનો સંપર્ક કરે ત્યારે બેંક અધિકારી તેમને પ્રક્રિયાની ઔપચારિકતાઓ સમજાવશે અને ઈચ્છિત આવશ્યક ખુલાસાઓ પૂરા પાડશે. સંભાવિત ડિપોઝિટરે એકાઉન્ટ ફોર્મ પૂરેપૂરું અને સાચી વિગતો સહિત ભરવાનું રહેશે.
- ડિપોઝિટ પ્રોડક્ટો જેવાં કે સેવિંગ્સ એકાઉન્ટ અને કરન્ટ એકાઉન્ટ માટે અમુક ચોક્કસ એવરેજ ક્વાર્ટરલી બેલેન્સ (એક્યૂબી)/એવરેજ મન્થલી બેલેન્સ (એએમબી) ખોલાવેલા એકાઉન્ટના પ્રકાર આધારે અને તેના સંચાલનનું નિયમન કરતા નિયમો અને શરતોના ભાગ રૂપે જાળવવાની રહેશે. એકાઉન્ટમાં આ નિર્દિષ્ટ એક્યૂબી/એએમબી ન જાળવવા પર એકાઉન્ટ પર નૉન મેન્ટેનન્સ ચાર્જ (એનએમસી) લાગુ થશે.
- ચાર્જિસની સૂચિ વેબસાઈટ (www.kotak.com) પર તેમજ શાખાઓ પર દર્શાવવામાં આવી છે.
- સેવિંગ્સ બેંક એકાઉન્ટ પાત્ર વ્યક્તિ/વ્યક્તિઓ અને અમુક સંસ્થાઓ/એજન્સીઓ માટે ખોલાવી શકાય છે (રિઝર્વ બેંક ઑફ ઈન્ડિયા દ્વારા વખતોવખત આલેખિત કરાતી શરતોના પાલનને આધીન).
- કરન્ટ એકાઉન્ટ વ્યક્તિઓ/ભાગીદારી પેઢીઓ/પ્રાઈવેટ અને પબ્લિક લિમિટેડ કંપનીઓ/હિન્દુ અવિભાજિત પરિવાર (એચયુએફ)/નિર્દિષ્ટ સંગઠનો/સોસાયટીઓ/ટ્રસ્ટ ઈત્યાદિ દ્વારા ખોલાવી શકાય છે.

- ટર્મ ડિપોઝિટ એકાઉન્ટ વ્યક્તિઓ/ભાગીદારી પેઢીઓ/પ્રાઈવેટ અને પબ્લિક લિમિટેડ કંપનીઓ/હિન્દુ અવિભાજિત પરિવાર (એચયુએફ)/નિર્દિષ્ટ સંગઠનો/સોસાયટીઓ/ટ્રસ્ટ ઈત્યાદિ દ્વારા ખોલાવી શકાય છે.
- ડિપોઝિટ એકાઉન્ટ ખોલાવતી વખતે પૂરતી કર્તવ્યનિષ્ઠ પ્રક્રિયામાં વ્યક્તિની ઓળખની ખાતરી, સરનામાની ખાતરી, તેના વ્યવસાય/પ્રવૃત્તિના સ્તર, આવકના સ્રોત ઈત્યાદિની ખાતરી કરવી સામેલ છે. બેંક તરફથી સંભાવિત ડિપોઝિટરની ઓળખ બેંકને સ્વીકાર્ય હોય એવી વ્યક્તિ દ્વારા કરવાની આવશ્યકતા પણ જણાવવામાં આવી શકે છે. યોગ્ય કર્તવ્યનિષ્ઠ પ્રક્રિયાના ભાગ રૂપે બેંકને એકાઉન્ટ ખોલાવનાર /સંચાલન કરનાર વ્યક્તિના/વ્યક્તિઓના હાલના ફોટાની પણ આવશ્યકતા રહે છે.
- યોગ્ય સતર્કતા પાલન ઉપરાંત કેવાયસી ધોરણો હેઠળ બેંક દ્વારા પર્મેનન્ટ એકાઉન્ટ નંબર (પીએએન) અથવા પર્યાય તરીકે આવક વેરા ધારો/નિયમો અંતર્ગત નિર્દિષ્ટ કરાયા પ્રમાણે ફોર્મ નં.60 અથવા 61માં ઘોષણા મેળવવાની રહે છે.
- આરબીઆઈ દ્વારા લાગુ કરાયા પ્રમાણે બેંક દ્વારા સમયાંતરે વર્તમાન ગ્રાહકોના પ્રોફાઈલની સમીક્ષા કરતી વખતે નવા અથવા વધારાના કેવાયસી દસ્તાવેજો પણ માગવામાં આવી શકે છે.

### સિંગલી ઑપરેટ કરાતું એકાઉન્ટ

આવા ડિપોઝિટ એકાઉન્ટ્સ 18 વર્ષથી વધુની ઉંમરની એકલ વ્યક્તિ દ્વારા ખોલવામાં અને સંચાલન કરવામાં આવી શકે છે.

### જોઈન્ટ એકાઉન્ટ

બે અથવા વધુ વ્યક્તિઓ દ્વારા તેમનાં પોતાના નામે ખોલાવવામાં આવેલા ડિપોઝિટ એકાઉન્ટને જોઈન્ટ એકાઉન્ટ તરીકે ઓળખવામાં આવે છે.

### જોઈન્ટ એકાઉન્ટનું સંચાલન

એક કરતાં વધુ વ્યક્તિ દ્વારા ખોલાવવામાં આવેલું જોઈન્ટ એકાઉન્ટ નીચે જણાવેલી રીતે સંચાલન કરી શકાય છેઃ

### બન્નેમાંથી કોઈપણ અથવા જીવિત રહેનાર (આઈધર અથવા સર્વાઈવર)

આ રીત બે વ્યક્તિઓ દ્વારા ધરાવાતા એકાઉન્ટ માટે લાગુ પડે છે. આ રીતમાં, એકાઉન્ટનું સંચાલન બન્નેમાંથી કોઈપણ એકાઉન્ટધારક દ્વારા કરવામાં આવી શકે છે (કોઈ એક એકાઉન્ટધારકનું મૃત્યુ થવા અથવા પાગલપણાના કિસ્સામાં).

### કોઈ એક અથવા જીવિત રહેનાર (એનીવન અથવા સર્વાઈવર)

આ રીત બે કરતા વધુ વ્યક્તિઓ દ્વારા ધરાવાતા એકાઉન્ટ માટે લાગુ પડે છે. આ રીતમાં, એકાઉન્ટનું સંચાલન કોઈપણ એકાઉન્ટધારકો દ્વારા અથવા જીવિત રહેનાર(રહેનારાઓ) દ્વારા કરવામાં આવી શકે છે (કોઈ એક એકાઉન્ટધારકનું મૃત્યુ થવા અથવા પાગલપણાના કિસ્સામાં).

### સંયુક્ત રીતે (જોઈન્ટલી)

આ રીતમાં એકાઉન્ટનું સંચાલન તો જ શક્ય બને છે જો અગર બધા જ એકાઉન્ટધારકોએ સહી કરી હોય.

એકાઉન્ટના સંચાલન માટેના આદેશપત્ર (મેન્ડેટ)માં બધા જ એકાઉન્ટધારકોની સંમતિ સાથે સુધારો કરી શકાય છે.

સગીર દ્વારા કુદરતી વાલી/વાલી સાથે સંયુક્ત નામે ખોલાવેલું સેવિંગ્સ બેંક એકાઉન્ટ (બચત ખાતું) માત્ર કુદરતી વાલી દ્વારા જ સંચાલન કરી શકાય છે.

સંયુક્ત એકાઉન્ટધારકો ઉપર જણાવેલા એકાઉન્ટોમાં રહેલી બેલેન્સના નિકાલ માટે નીચે જણાવેલા આદેશપત્રોમાંથી કોઈપણ રજૂ કરી શકે છેઃ

- આઈધર અથવા સર્વાઈવરઃ જો એકાઉન્ટ બે વ્યક્તિઓ દ્વારા ખોલવામાં આવ્યું હોય જેમ કે એ અને બી તો અંતિમ બેલેન્સ વ્યાજ સહિત, જો લાગુ હોય તો તે કોઈપણ એકાઉન્ટધારકનું મૃત્યુ થવા પર જીવીત રહેનારને ચુકવી દેવામાં આવશે.
- એનીવન અથવા સર્વાઈવર/સર્વાઈવર્સઃ જો એકાઉન્ટ બે અથવા વધુ વ્યક્તિઓ દ્વારા ખોલવામાં આવ્યું હોય જેમ કે એ, બી અને સી તો અંતિમ બેલેન્સ વ્યાજ સહિત, જો લાગુ હોય તો તે કોઈપણ બે એકાઉન્ટધારકોનું મૃત્યુ થવા પર જીવિત રહેનારને ચૂકવી દેવામાં આવશે.
- ફોર્મર/સર્વાઈવરઃ પહેલું નામ ધરાવતા એકાઉન્ટધારક જ એકલા સંચાલન કરી શકે છે અને પૈસા પર પૂરો અધિકાર ધરાવે છે. ફોર્મરનું મૃત્યુ થવા પર જ સર્વાઈવરનો પ્રવેશ થાય છે.

- લેટર/સર્વાઈવરઃ છેલ્લું નામ ધરાવતા એકાઉન્ટધારક જ એકલા સંચાલન કરી શકે છે અને પૈસા પર પૂરો અધિકાર ધરાવે છે. ફોર્મરનું મૃત્યુ થવા પર જ સર્વાઈવરનો પ્રવેશ થાય છે.

**જોઈન્ટ એકાઉન્ટ ધારકોનું નામ/ એકાઉન્ટ ધારકોનાં નામ ઉમેરવું અથવા રદ કરવું**

બેંક બધા જ જોઈન્ટ એકાઉન્ટ ધારકોની વિનંતી કરવા પર જો સંજોગોની જરૂરિયાત જણાય તો જોઈન્ટ એકાઉન્ટ ધારકોનું નામ/ એકાઉન્ટ ધારકોનાં નામ ઉમેરવાં અથવા રદ કરવાની પરવાનગી આપી શકે છે અથવા વ્યક્તિગત ડિપોઝિટરને અન્ય વ્યક્તિનું નામ જોઈન્ટ એકાઉન્ટધારક તરીકે ઉમેરવાની છૂટ આપી શકે છે.

**માઈનર એકાઉન્ટ્સ**

સગીર વ્યક્તિના નામનું એકાઉન્ટ તેના કુદરતી વાલી દ્વારા જ ખોલાવી અને સંચાલન કરી શકાય છે. સગીર વ્યક્તિ પુખ્ત બનવા પર અગાઉ સગીર રહેનારે તેના/તેણીના ખાતામાં રહેલી બેલેન્સની ખાતરી કરી લેવી જોઈએ અને જો એકાઉન્ટનું સંચાલન કુદરતી વાલી/વાલી દ્વારા કરવામાં આવતું હોય તો અગાઉ સગીર રહેલી વ્યક્તિની નવી નમૂના સહી જે કુદરતી પાલક દ્વારા પ્રમાણભૂત કરેલી હોય તે મેળવવામાં આવશે અને બધા જ સંચાલનીય હેતુસર સગીરમાંથી પુખ્ત બનેલ વ્યક્તિ માટેના લાગુ થતા કેવાયસી દસ્તાવેજો સાથે રેકૉર્ડ પર રાખવામાં આવશે.

**નિરક્ષર/અંધ વ્યક્તિનું એકાઉન્ટ**

બેંક તેની મુનસફીએ અભણ વ્યક્તિનું કરન્ટ એકાઉન્ટ સિવાયનું ડિપોઝિટ એકાઉન્ટ ખોલી શકે છે. આવી વ્યક્તિનું એકાઉન્ટ ખોલવામાં આવી શકે છે જો અગર તે/તેણી બેંક અને ડિપોઝિટર બંનેને ઓળખતા હોય એવા સાક્ષીની હાજરીમાં બેંકને રૂબરૂ કૉલ કરે. સામાન્ય રીતે, આવા સેવિંગ્સ એકાઉન્ટ માટે કોઈ ચેક બુક સુવિધા આપવામાં આવતી નથી. ડિપોઝિટની રકમ અને/અથવા વ્યાજની રકમ ઉપાડતી/પાછી ચુકવતી વખતે એકાઉન્ટ ધારકે અધિકૃત અધિકારીની હાજરીમાં તેના/તેણીના અંગૂઠાની છાપ મારવાની રહેશે અથવા નિશાન કરવાનું રહેશે જેઓ આ વ્યક્તિની ઓળખની ખાતરી કરશે. બેંક અધિકારી દ્વારા અભણ/અંધ વ્યક્તિને એકાઉન્ટનું નિયમન કરતા નિયમો અને શરતો સમજાવવામાં આવશે.

**પાવર ઑફ એટર્ની (મુખત્યારનામું)**

ડિપોઝિટર દ્વારા વિનંતી કરવા પર તેના વતી એકાઉન્ટનું સંચાલન કરવા અધિકૃત કરતી અન્ય વ્યક્તિને આપવામાં આવેલી મેન્ડેટ/પાવર ઑફ એટર્નીની બેંક દ્વારા નોંધણી કરવામાં આવશે.

**નામાંકન સુવિધા**

નૉમિનેશન (નામાંકન)ની સુવિધા વ્યક્તિઓ દ્વારા ખોલવામાં આવેલા બધા જ ડિપોઝિટ એકાઉન્ટ્સ પર ઉપલબ્ધ છે. સોલ પ્રોપરાઈટરશિપ કન્સર્ન એકાઉન્ટ માટે પણ નામાંકન સુવિધા ઉપલબ્ધ છે. નામાંકન માત્ર એક વ્યક્તિની તરફેણમાં જ કરી શકાય છે. આ પ્રકારે કરાયેલ નામાંકનને એકાઉન્ટધારક/કો દ્વારા કોઈપણ સમયે રદ કરી અથવા બદલી શકાય છે. નોમિનેશન કરતી, રદ કરતી અથવા બદલતી વખતે ત્રીજા પક્ષકાર દ્વારા તેની સાક્ષી પૂરવી આવશ્યક રહે છે. એકાઉન્ટ ધારક/કો ની સંમતિ દ્વારા પણ નોમિનેશનમાં ફેરફાર કરી શકાય છે. નોમિનેશન સગીર વ્યક્તિની તરફેણમાં પણ કરી શકાય છે. એવી ભલામણ કરવામાં આવે છે કે બધા જ વ્યક્તિગત ડિપોઝિટરો નોમિનેશન સુવિધાનો લાભ લે જેથી ડિપોઝિટર/રોનું મૃત્યુ થવાના કિસ્સામાં પાકતી રકમનું સરળતાથી સમાધાન થઈ શકે. ડિપોઝિટર/રોનું મૃત્યુ થવાના કિસ્સામાં નોમિની કાયદેસર વારસોના ટ્રસ્ટી તરીકે એકાઉન્ટમાં બાકી રહેલી રકમ પ્રાપ્ત કરશે. ડિપોઝિટ એકાઉન્ટ ખોલાવતી વખતે ડિપોઝિટરને નામાંકન સુવિધાના ફાયદા વિશે જણાવવામાં આવશે. 2વે સ્વીપ સુવિધા મારફત ખોલવામાં આવેલી ટર્મ ડિપોઝિટ માટે (એક્ટિવમની) સેવિંગ્સ/કરન્ટ એકાઉન્ટમાં નોમિનેશન માન્ય ગણવામાં આવશે.

**ચેક બુકો અને ચેક**

બેંક દ્વારા સેવિંગ્સ, કરન્ટ અથવા ઑવરડ્રાફ્ટ એકાઉન્ટ્સ ધરાવતી વ્યક્તિઓને બેંકના સૂચિત કરાયેલા દરોએ ચેક બુક આપવામાં આવી શકે છે. ગ્રાહકને ચેક બુક તેના ટપાલના સરનામે મોકલવામાં આવશે. બેંક દ્વારા કાયદા મુજબ અમુક ગ્રાહકોને એટ પાર ચેક બુક તેની મુનસફી અનુસાર આપવામાં આવી શકે છે.

બેંક દ્વારા સેવિંગ્સ, કરન્ટ અથવા ઑવરડ્રાફ્ટ એકાઉન્ટ ધરાવતી એવી કોઈપણ વ્યક્તિને નવી ચેક બુક આપવાથી ઈન્કાર કરવામાં આવી શકે છે જો અગર આ વ્યક્તિના રૂપિયા એક કરોડ અને વધુ મૂલ્યના ચેક તેના ખાતામાં પૂરતા ભંડોળની અછતના કારણસર નાણાકીય વર્ષ દરમિયાન ચાર અથવા વધુ વાર ડિસઑનર થયા હોય. આ ઉપરાંત, બેંક તેની મુનસફી મુજબ કરન્ટ એકાઉન્ટ બંધ કરી દેવાનો વિચાર પણ કરી શકે છે.

બેંક વારંવાર ચેક ડિસઑનર થવાના / બેંક દ્વારા એક મહિનામાં નિર્ધારિત ચેક બુક મર્યાદા પાર કરવાના કિસ્સામાં ચેક બુક બંધ કરી દેવાનો અધિકાર અબાધિત રાખે છે. (વ્યક્તિગત એકાઉન્ટ –100 ચેકથી વધારે, બિન–વ્યક્તિગત – 500 ચેકથી વધારે).

ગ્રાહકોએ ચેક એ રીતે લખવા જોઈએ જેથી તે ઈશ્યૂ કર્યા પછી તેમાં ફેરફારની જરૂર ન રહે અને ગ્રાહકની સહી બેંકના રેકૉર્ડમાં રહેલી સહી સાથે મેળ ખાતી હોવી જોઈએ. ચેક પર કરાયેલા કોઈપણ ફેરફારો તેની બાજુમાં  ગ્રાહકની સહી દ્વારા અધિકૃત કરાયેલા હોવા જોઈએ. કોઈપણ રીતે ફેરફાર કરાયેલા ચેકની ચુકવણી કરવાથી ઈનકાર કરવાનો પોતાનો અધિકાર બેંક અનામત રાખે છે સિવાય કે આ ફેરફાર ગ્રાહક દ્વારા બેંકના રેકૉર્ડમાં જણાવ્યા મુજબની નમૂના સહી અનુસારની સહી દ્વારા અધિકૃત કરવામાં આવ્યા હોય.

**સ્ટેટમેંટ ઑફ એકાઉન્ટ**

બેંક દ્વારા સેવિંગ્સ બેંક તેમ જ કરન્ટ ડિપોઝિટ એકાઉન્ટ ધારકોને એકાઉન્ટ ખોલવાના નિયમો અને શરતો અનુસાર સમયાંતરે સ્ટેટમેંટ ઑફ એકાઉન્ટ આપવામાં આવશે.

**પાસ બુક સુવિધા**

ગ્રાહકની વિશેષ વિનંતી કરવા પર બેંક દ્વારા વ્યક્તિગત ગ્રાહકોને પાસબુક સુવિધા પૂરી પાડવામાં આવે છે. પાસબુક સુવિધાનો લાભ લેનાર ગ્રાહકોને સ્ટેટમેંટ ઑફ એકાઉન્ટ જનરલ શૅડ્યૂલ ઑફ ચાર્જિસમાં જણાવ્યા મુજબના ચાર્જ સહિત સ્ટેટમેંટ ઑફ એકાઉન્ટ પૂરું પાડવામાં આવશે.

**ડાયરેક્ટ ડેબિટ અને સ્ટેન્ડિંગ ઈન્સ્ટ્રક્શન્સ**

આ ચુકવણીની એક પ્રણાલી છે જે ગ્રાહકને એક બેંક તરીકે અમને નિયમિત ચુકવણી કરવાની સૂચના આપવી શક્ય બનાવે છે દા.ત. એક એકાઉન્ટથી બીજા એકાઉન્ટમાં ફંડ્સ ટ્રાન્સફર કરવા, લૉકરનું ભાડું ચુકવવા, ક્રેડિટ કાર્ડની ચુકવણીઓ કરવા, જીવન વીમાના પ્રીમિયમો ચુકવવા અને નિશ્ચિત લાભાર્થીને વખતોવખત કરાતી કોઈપણ ચુકવણી માટે. આ ઉપરાંત, આ સુવિધા ગ્રાહકને ચેક લખવાની ઝંઝટમાંથી છુટકારો અપાવે છે.

આ સેવાનો લાભ લેવા માટે તમારું ડાયરેક્ટ ડેબિટ મેન્ડેટ સફળ થયું હોવું જોઈએ.

**એવરેજ ક્વાર્ટરલી/મન્થલી બેલેન્સ**

એક્યૂબી–એવરેજ ક્વાર્ટરલી બેલેન્સ ગ્રાહક દ્વારા ત્રણ કૅલેન્ડર મહિનામાં જાળવેલી સરેરાશ બેલેન્સ જણાવે છે.

એએમબી – એવરેજ મંથલી બેલેન્સ ગ્રાહક દ્વારા મહિના દરમિયાન જાળવવામાં આવેલી સરેરાશ બેલેન્સ જણાવે છે.

એક્યૂબી/એએમબીની ગણતરી નીચે દર્શાવ્યા મુજબ કરવામાં આવે છે એએમબી = કોઈ એક મહિના અથવા ત્રૈમાસિક માટે દૈનિક ક્લોઝિંગ બેલેન્સનો સરવાળો / (જે તે મહિના અથવા ત્રૈમાસિકમાં દિવસોની કુલ સંખ્યા)

**સેવિંગ્સ એકાઉન્ટમાં વ્યાજની ચુકવણી**

સેવિંગ્સ બેંક એકાઉન્ટ પર વ્યાજની ચુકવણીની ગણતરી દૈનિક પ્રોડક્ટ ધોરણે કરવામાં આવે છે.

1 એપ્રિલ 2016થી અમલમાં આવે તે રીતે સેવિંગ્સ એકાઉન્ટ બૅલેન્સ પર મેળવેલ વ્યાજ ત્રિમાસિક ધોરણે જૂન, સપ્ટેમ્બર, ડિસેમ્બર અને માર્ચના મહિનામાં સેવિંગ્સ ખાતામાં જમા કરવામાં આવશે.

સેવિંગ્સ એકાઉન્ટ પર વ્યાજનો દર નીચે મુજબ છેઃ

| અકાઉન્ટ બૅલેન્સ | વ્યાજના દર |
|---|---|
| બધા બેલેન્સ માટે | વાર્ષિક 2.50% |

<u>**ઉદાહરણઃ-**</u>

દિવસને અંતે એકાઉન્ટમાં બૅલેન્સ = રૂ. 55,00,000

બધા બેલેન્સ માટે વ્યાજ નિશ્ચિત = વાર્ષિક 2.50%

દિવસ માટે ચૂકવવાપાત્ર વ્યાજની ગણતરી આ રીતે કરવામાં આવશેઃ
(55,00,000 * 2.50% * 1/365)

*હાલમાં આરબીઆઈ દ્વારા સેવિંગ્સ એકાઉન્ટ પર વ્યાજ દર નિયંત્રણમુક્ત કરવામાં આવ્યા છે જે સમયાંતરે ફેરફારને આધીન છે.

**ટર્મ ડિપોઝિટો પર વ્યાજની ચુકવણી**

જો કોઈ વ્યક્તિ દ્વારા ધરાવાતી બધી જ ટર્મ ડિપોઝિટો પર ચુકવેલા/ચુકવવાપાત્ર કુલ વ્યાજની રકમ આવકવેરા ધારામાં જણાવેલી નિર્ધારિત રકમ કરતા વધી જાય તો તેના પર મૂળમાં કર કપાત કરવાની બેંક કાયદેસર જવાબદારી ધરાવે છે. મૂળમાંથી કરેલી કર કપાત (ટીડીએસ)ની રકમ માટેનું ટૅક્સ ડીડક્શન સર્ટિફિકેટ (ટીડીએસ સર્ટિફિકેટ) બેંક દ્વારા ઈશ્યૂ કરવામાં આવશે. જો ડિપોઝિટર ટીડીએસમાંથી છૂટ માટે પાત્ર હોય તો ટીડીએસ કપાત ટાળવા દરેક નાણાકીય વર્ષની શરૂઆતમાં તેણે આલેખિત સ્વરૂપમાં ડીક્લેરેશન રજૂ કરવાનું રહેશે.

એક્ટિવમની (2વે સ્વીપ ડિપોઝિટ) માટે બધા જ ગ્રાહકો સહિત વરિષ્ઠ નાગરિકો/બેંક કર્મચારીઓ માટે રેગ્યૂલર ટર્મ ડિપોઝિટ દરો જ લાગુ રહેશે.

રીઈન્વેસ્ટ કરાતી ડિપોઝિટોના કિસ્સામાં ટર્મ ડિપોઝિટ (ટીડી) પર વ્યાજ ત્રૈમાસિક ધોરણે ચક્રવૃદ્ધિ કરાશે, જે બેંક પાસે ઓછામાં ઓછા 181 અને વધુ દિવસોની મુદત સુધી ડિપોઝિટ જાળવી રાખવાની શરતને આધીન રહે છે. 181 દિવસોથી ઓછી મુદતની ટર્મ ડિપોઝિટો માટે વ્યાજની ગણતરી પાકતી મુદત પર સાદા વ્યાજ દરે કરવામાં આવશે.

**ટર્મ ડિપોઝિટ પર વ્યાજની ગણતરીની રીત**

માસિક વ્યાજ ચુકવણી વિકલ્પ માસિક વ્યાજની ટીડી માટે વ્યાજનો દર માનક દર કરતાં ઓછો રહેશે.

વ્યાજની ચુકવણી ડિપોઝિટની તારીખથી માસિક અંતરાળે કરવામાં આવશે. દા.ત. 15 ફેબ્રુઆરી, 2008ના રોજ કરાયેલી ડિપોઝિટ માટે વ્યાજની ચુકવણી 15 માર્ચ, 2008 ના રોજ કરવામાં આવશે.

કોઇપણ નૉન–લીપ વર્ષમાં જમા કરવામાં આવેલ ડિપોઝિટ માટે વ્યાજની ગણતરીનો આધાર 365 દિવસોનો રહેશે અને લીપ (કેલેંડર) વર્ષમાં જમા કરવામાં આવેલ ડિપોઝિટ માટે એક વર્ષમાં 366 દિવસોનો રહેશે.

ત્રૈમાસિક વ્યાજ ચુકવણીનો વિકલ્પ વ્યાજની ચુકવણી ડિપોઝિટની તારીખથી ત્રૈમાસિક અંતરાળે કરવામાં આવશે. દા.ત. 15 ફેબ્રુઆરી, 2008 ના રોજ કરાયેલી ડિપોઝિટ માટે વ્યાજની ચુકવણી 15 મે, 2008 ના રોજ કરવામાં આવશે.

કોઇપણ નૉન–લીપ વર્ષમાં જમા કરવામાં આવેલ ડિપોઝિટ માટે વ્યાજની ગણતરીનો આધાર 365 દિવસોનો રહેશે અને લીપ (કેલેંડર) વર્ષમાં જમા કરવામાં આવેલ ડિપોઝિટ માટે એક વર્ષમાં 366 દિવસોનો રહેશે.

ચક્રવૃદ્ધિ વ્યાજ ચુકવણીનો વિકલ્પ (પાકતી મુદતે) ચક્રવૃદ્ધિ (ક્યુમ્યુલેટિવ) ડિપોઝિટ અંતર્ગત વ્યાજ ત્રૈમાસિક ધોરણે ચક્રવૃદ્ધિ કરવામાં આવે છે એટલે કે, ત્રૈમાસિક દરમિયાન મેળવેલ વ્યાજ ત્યારપછીના ત્રૈમાસિકમાં વ્યાજની ગણતરી કરવા મૂળ રકમમાં ઉમેરવામાં આવે છે. ત્રૈમાસિક વ્યાજની ગણતરી માટેની ફૉર્મ્યુલા ત્રૈમાસિક વ્યાજ ચુકવણીના વિકલ્પ જેવી જ છે.

ઉદાહરણ

| ત્રૈમાસિક | મૂળ (પ્રિન્સિપલ) રકમ | વ્યાજ | આવતા ત્રૈમાસિક માટે મૂળ રકમ |
|---|---|---|---|
| 1 | 100 | 2 | 102 |
| 2 | 102 | 2.04 | 104.04 |
| 3 | 104.04 | 2.08 | 106.12 |

ત્યારપછીના ત્રૈમાસિક માટેની ગણતરી ડિપોઝિટ પાકે ત્યાં સુધી આ જ રીતે કરવામાં આવશે. ઉપર જણાવેલ ઉદાહરણમાં ટીડીએસના પ્રભાવને ધ્યાનમાં નથી લેવામાં આવ્યો.જો ડિપોઝિટની મુદત 181 દિવસ અથવા બે ત્રૈમાસિક કરતા ઓછી હોય તો ડિપોઝિટ પર ચક્રવૃદ્ધિ વ્યાજ ચુકવવામાં નથી આવતું.

**સીનિયર સિટિઝન ફિક્સ્ડ ડિપોઝિટ (60 વર્ષ અને વધુ)**

બેંક દ્વારા વરિષ્ઠ નાગરિકો દ્વારા કરાયેલી ફિક્સ્ડ ડિપોઝિટો પર સમયાંતરે ઘોષિત કરાયા મુજબ ઉચ્ચ વ્યાજ દર આપવામાં આવે છે. બેંકને વરિષ્ઠ નાગરિકો માટેની ફિક્સ્ડ ડિપોઝિટો સંદર્ભે લાગુ થતા બધા જ આવકવેરા નિયમો સાથે પણ માર્ગદર્શિત કરાશે.

**ટૅક્સ ડિડક્શન એટ સૉર્સ (ટીડીએસ)**

જો નાણાકીય વર્ષ દરમિયાન ડિપોઝિટરને ચુકવવાપાત્ર વ્યાજની રકમ આવકવેરા ધારો, 1961 માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે નિશ્ચિત સીમાથી વધી જવાની શક્યતા હોય તો તેના પર ટીડીએસ લાગુ રહેશે. હાલ, આ નિશ્ચિત સીમા રૂ.40,000/- છે. ટીડીએસનો દર આવકવેરા ધારામાં આલેખિત કર્યા મુજબનો રહેશે.

**ટીડીએસમાંથી માફી**

ટીડીએસમાંથી માફી મેળવી શકાય છે, આ માટે આવકવેરા ધારામાં નિર્દિષ્ટ ધોરણો અનુસાર નીચે જણાવેલા ફોર્મ્સ રજૂ કરવાના રહે છે.

ફોર્મ 15જી આ ડેકલરેશન છે જે જણાવે છે કે ડિપોઝિટર કર ચુકવવા જવાબદાર નથી જણાતા અને એટલે ટીડીએસમાંથી માફી મેળવવા ચાહે છે. 15જી વરિષ્ઠ નાગરિક સિવાય વ્યક્તિગત અથવા વ્યક્તિને (કંપની અથવા ફર્મ નહીં) લાગુ પડે છે.

ફોર્મ 15એચ આ એક ડેકલરેશન છે જે જણાવે છે કે ડિપોઝિટર કર ચુકવવા જવાબદાર નથી જણાતી અને એટલે ટીડીએસમાંથી માફી મેળવવા ચાહે છે. ફોર્મ 15એચ નિવાસી વ્યક્તિઓ જેઓ વરિષ્ઠ નાગરિક છે (એટલે કે એ વ્યક્તિઓ જેઓ પાસઠ વર્ષ અથવા વધુની ઉંમરના છે) તેમની માટે લાગુ રહે છે.

આઈટી ઑફિસર પાસેથી મેળવેલ માફી પ્રમાણપત્ર – ફોર્મ 15એએ આવકવેરા ધારો એમ પણ જણાવે છે કે જે તે વિભાગમાં જણાવેલી કુલ રકમ/કોઈ આવકની રકમ કે જે ક્રેડિટ કરવામાં અથવા ચુકવવામાં આવી હોય અથવા આવતા વર્ષ દરમિયાન ક્રેડિટ કરવા કે ચુકવવાની શક્યતા હોય તે કર માટે પાત્ર મહત્તમ રકમ કરતાં વધારે હોય તો આ જોગવાઈઓ લાગુ નથી પડતી અને એસેસીસ ફોર્મ 15જીમાં ડીક્લેરેઈન રજૂ કરવા પાત્ર નથી. આવા કિસ્સામાં, આઈટી અધિકારી તરફથી વિશિષ્ટ માફી પ્રમાણપત્ર રજૂ કરવાનું રહે છે. સંસ્થાઓ જેવી કે ટ્રસ્ટો, સોસાયટીઓ ઇત્યાદિ જે આવકવેરામાંથી બાકાત રખાઈ હોય તેણે આ પત્ર/ફોર્મ 15એએ રજૂ કરવાનું રહે છે જો અગર નાણાકીય વર્ષ દરમિયાન ચુકવેલ વ્યાજ અથવા ચુકવવામાં આવી શકતું વ્યાજ કરપાત્ર રકમ કરતાં વધવાની સંભાવના હોય.

**ટર્મ ડિપોઝિટ મુદત પહેલાં ઉપાડ (વિથ્ડ્રોઅલ) કરવી**

ગ્રાહક પાકતી મુદતની વાસ્તવિક તારીખ પહેલાં આંશિક/સંપૂર્ણ રીતે ડિપોઝિટ રકમ ઉપાડ કરી શકે છે. મુદત પહેલાં ઉપાડ કરવાના કિસ્સામાં વ્યાજની ચુકવણી ડિપોઝિટની તારીખે લાગુ વ્યાજ દરે બેંકમાં તે રાખવામાં આવે એ મુદત સુધી અથવા કૉન્ટ્રાક્ટ દરે બેમાંથી જે પણ મુદત પહેલાં ડિપોઝિટ ઉપાડ પર નીચે જણાવ્યા મુજબ 1લી નવેમ્બર, 2012 ના રોજ અથવા પછી બુક/રીન્યૂ કરાયેલ ટર્મ ડિપોઝિટ પર લાગુ પૅનલ ચાર્જ બાદ કર્યા પછી ઓછા હોય તે આધારે ચુકવવામાં આવશે.

| | |
|---|---|
| ટર્મ ડિપોઝિટની મુદત | દંડ |
| 181 દિવસ કરતાં ઓછી | શૂન્ય |
| 181 દિવસ અને વધુ | 0.50% |

(દા.ત. ધારો કે ટર્મ ડિપોઝિટની રકમ રૂ.15 લાખ છે, 1-2 વર્ષ માટેનો દર 10% અને 2-3 વર્ષ માટેનો દર 9.50% છે અને ગ્રાહક 2 વર્ષ ને 1 દિવસ માટે ડિપોઝિટ બુક કરે છે (એટલે કે 9.50% દરે). જો ગ્રાહક 1 વર્ષ પછી ટર્મ ડિપોઝિટ ઉપાડ કરી લે તો વ્યાજની ચુકવણી 9% (કૉન્ટ્રાક્ટ કરાયેલા દર/ડિપોઝિટ જે મુદત માટે રાખવામાં આવી હતી તેના પર લાગુ દર કરતાં ઓછો અને 0.50% પૅનલ ચાર્જ કપાત કરીને) દરે કરવામાં આવશે. મુદત પહેલાં કરાતા આંશિક ઉપાડના કિસ્સામાં બાકીની રકમ પર મૂળ ડિપોઝિટના કૉન્ટ્રાક્ટની તારીખે પ્રવર્તમાન દરે વ્યાજ મળતું રહેશે.)

181 અને વધુ દિવસો માટેની સ્ટેન્ડઅલોન ટર્મ ડિપોઝિટો જે સેવિંગ/કરન્ટ એકાઉન્ટ સાથે જોડવામાં આવી હોય તેની રેગ્યૂલર સ્વીપ ડિપોઝિટ કાર્યનીતિ મુજબ ગણના કરાશે અને ઉપર જણાવ્યા મુજબ પૅનલ ચાર્જ લાગુ રહેશે.

**ટર્મ ડિપોઝિટની ચુકવણી/રીન્યૂઅલ**

ડિપોઝિટ જમા કરતી વખતે પાકતી મુદત અને ચુકવણીની સૂચના આપવા ફરજિયાત છે. ગ્રાહક બેંક સાથેના તેના કરન્ટ/સેવિંગ્સ બેંક એકાઉન્ટમાં ચુકવણી મેળવવાનો વિકલ્પ ધરાવે છે અથવા બેંકને તેની સાથે નોંધવામાં આવેલા તમારા પત્રવ્યવહારના સરનામા પર ડીડી/બીસી મોકલવા વિનંતી કરી શકે છે. ગ્રાહક ડિપોઝિટની મુદત દરમિયાન ગમે ત્યારે પાકતી મુદત માટેની આ સૂચનાઓમાં ફેરફાર કરી શકે છે. આ સૂચનાઓ જાળવી રખાશે અને પાકતી મુદત પર તેનો અમલ કરવામાં આવશે.

**ટર્મ ડિપોઝિટ સામે ઑવરડ્રાફ્ટ**

બેંક દ્વારા ડિપોઝિટર દ્વારા આવશ્યક વિથ્ડ્રૉઅલ ડૉક્યુમેંટ્સ અમલી કરીને વિધિસર ડિસ્ચાર્જ કરેલી ટર્મ ડિપોઝિટ સામે લોન/ઑવરડ્રાફ્ટ સુવિધા માટેની ડિપોઝિટરની અરજી પર વિચારણા કરવામાં આવી શકે છે. બેંક દ્વારા સગીરના નામે રહેલી ડિપોઝિટ સામે પણ લોન આપવાની વિચારણા કરવામાં આવી શકે છે, જોકે આ લોન સગીરના લાભાર્થે છે એમ જણાવતી ઘોષણા ડિપોઝિટર/અરજીકર્તાએ રજૂ કરવી આવશ્યક છે.

**રિકરિંગ ડિપોઝિટ (આરડી)**

**વ્યાજની ચુકવણી**

- બેંક દ્વારા આરડી પર વ્યાજની ગણતરી ઈન્ડિયન બેંક્સ એસોસિએશન દ્વારા જણાવેલી પદ્ધતિ અનુસાર કરવામાં આવશે.
- આરડી માટેના વ્યાજ દરો આરડી બુક કરવાની તારીખના રોજ ટર્મ ડિપોઝિટ માટે લાગુ સંબંધિત દર રહેશે.
- આરડી પરનું વ્યાજ ત્રૈમાસિક અંતરાળે લાગુ થતા દરે ચક્રવૃદ્ધિ કરવામાં આવે છે.

**હપ્તાની ચુકવણી**

- એકવાર નિશ્ચિત કરાયેલી હપ્તાની રકમમાં પાછળથી ફેરફાર કરવાની પરવાનગી નહીં રહે.
- જો ચુકવણીના સમયે એક કરતાં વધુ હપ્તા ઓવરડ્યૂ થયા હોય તો જો ચુકવેલા હપ્તા માત્ર એક હપ્તાને જ સમાવી શકતા હોય તો તેને પહેલાં/વહેલા ઓવરડ્યૂ થયેલા હપ્તા સામે એપ્રોપ્રિએટ કરવામાં આવશે.
- હપ્તાની આંશિક/એડવાન્સ ચુકવણી માન્ય નહીં રહે.
- બેંક ડિપોઝિટર(રો) ને હપ્તાઓ ચુકવવા તેના/તેણીના/તેમનાં એકાઉન્ટમાં પૂરતી બેલેન્સ રાખવાનું જણાવવા જવાબદાર નહીં રહે.

**પાત્રતાઃ**

- નિવાસી વ્યક્તિઓ (સગીર સહિત) અને એચયુએફ

**પાકતી મુદત (મેચ્યોરિટી):**

- ડિપોઝિટ કૉન્ટ્રાક્ટ કરાયેલી મુદત પૂર્ણ થવા પર પાકશે પછી ભલે તેના પર હપ્તા ચુકવવાના બાકી હોય અને તે ન ચુકવેલા આવા હપ્તાઓ માટે લાગુ થતો પૅનલ વ્યાજ ચાર્જ કાપી લીધા પછી પાછી ચુકવી દેવામાં આવશે.
- જો આ ડિપોઝિટ મુદત પહેલાં એક જ મહિનાની અંદર બંધ કરી દેવામાં આવે તો કોઈ વ્યાજ ચુકવવામાં નહીં આવે અને માત્ર મૂળ (પ્રિન્સિપલ) રકમ જ પાછી ચુકવવામાં આવશે.
- આરડી રસીદ પર જણાવેલી પાકતી મુદતની રકમ બધા જ હપ્તાઓ સમયસર ચુકવવાને આધીન રહે છે.

**હપ્તાની ચુકવણીમાં વિલંબ થવા પર દંડઃ**

- જો 5 દિવસની અતિરિક્ત મુદત પછી કોઈ હપ્તાની ચુકવણીમાં વિલંબ થવા પર આરડી વ્યાજ દરે (આરડી બુક કરવા સમયે વ્યાજનો કૉન્ટ્રાક્ટ કરેલ દર) પૅનલ વ્યાજ +2% દ.વ. અથવા બેંક દ્વારા વખતો વખત નિર્ધારિત કરાતા અન્ય દરે વિલંબ થયેલા મહિના માટે ચાર્જ કરવામાં આવશે.
- આ વ્યાજની ગણતરી માટે કોઈ મહિનાના અંશને આખા મહિના તરીકે ગણતરી કરવામાં આવશે.
- જો જે તે મહિના માટેની ચુકવણી માન્ય થઈ હોય પરંતુ હપ્તો ચુકવવા માટેની સ્ટેન્ડિંગ ઈન્સ્ટ્રક્શન નિષ્ફળ રહી હોય તો બેંક દ્વારા કરન્ટ/સેવિંગ્સ બેંક એકાઉન્ટમાંથી જનરલ ફીચર્સ ઍન્ડ શૅડ્યુલ ઑફ ચાર્જિસ (જીએફએસસી) અનુસાર સ્ટેન્ડિંગ ઈન્સ્ટ્રક્શન ફેલ્યૉર ચાર્જ વસૂલ કરવામાં આવશે.
- ચાર્જ કરવાપાત્ર કુલ પૅનલ વ્યાજ બેંક દ્વારા ચુકવવાપાત્ર વ્યાજની કુલ રકમમાંથી વસૂલ કરવામાં આવશે અને તે માત્ર પાકતી મુદત અથવા મુદત પહેલાં એકાઉન્ટ બંધ કરવું જે પણ થાય ત્યારે જ વસૂલ કરાશે.

**આરડી પાકતી મુદત પહેલાં ઉપાડ કરવીઃ**

- જો આ ડિપોઝિટ પાકતી મુદત પહેલાં એક મહિનાની અંદર જ ઉપાડ કરી લેવામાં આવે તો કોઈ વ્યાજ ચુકવવામાં નહીં આવે અને માત્ર મૂળ (પ્રિન્સિપલ) રકમ જ ચુકવવામાં આવશે.
- આરડી પાકતી મુદત પહેલાં ઉપાડ કરવાના કિસ્સામાં વ્યાજની ચુકવણી ડિપોઝિટની તારીખના રોજ પ્રવર્તમાન દરે અને બેંકમાં ડિપોઝિટની મુદત સુધી જ અથવા કૉન્ટ્રાક્ટ કરાયેલા દર બેમાંથી જે પણ ડિપોઝિટના મુદત પહેલાં ઉપાડ કરવા પર લાગુ 0.5% પૅનલ ચાર્જ બાદ કર્યા પછી ઓછા હોય તે આધારે કરવામાં આવશે.

ફોરેન એક્સચેંજ સર્વિસીસ ભારતભરમાં ચુનંદી આર શાખાઓ (બી શ્રેણી) જે ફોરેન એક્સચેંજમાં લેવડદેવડ કરવા અધિકૃત છે ત્યાં જ પૂરી પાડવામાં આવે છે.

- ટ્રાવેલર્સ ચેક (ટીસી)
- ફોરેન કરન્સી કેશ ખરીદ/વેચાણ
- વાયર ટ્રાન્સફર
- ડિમાન્ડ ડ્રાફ્ટ્સ

**ટ્રાવેલર્સ ચેક્સઃ**
હાલમાં બેંક દ્વારા નીચે જણાવેલી ચાર મુખ્ય કરન્સી(ચલણ)માં ટ્રાવેલર્સ ચેક્સ આપવામાં આવે છે એટલે કે યુએસડી, જીબીપી, જેપીવાય અને યુરો જેનો લાભ ગ્રાહકો વિદેશમાં પ્રવાસ પર જતી વખતે લઈ શકે છે. આ ટીસી સમયાંતરે આલેખિત કરાતા એફઈએમએ/આરબીઆઈ ધારાધોરણોના પાલનને આધીન રહે છે.

**ચેક્સઃ**
અમારા ગ્રાહક તરીકે તમે બધી જ કરન્સીઓમાં ચેક જમા કરી શકો છો. આ માટે બસ, તમારા કોટક મહિન્દ્રા બેંક એકાઉન્ટની તરફેણમાં લખેલો ડિમાન્ડ ડ્રાફ્ટ અથવા ચેક નીચે જણાવેલા સરનામા પર મોકલો અને અમે તમારી વિદેશની બેંક પાસેથી પૈસા મેળવી લઈ તમારા એકાઉન્ટમાં જમા કરી દઈશું. એનઆરઆઈ સર્વિસ સેન્ટર, કોટક મહિન્દ્રા બેંક લિ., 5મો માળ, વિનય ભવ્ય કૉમ્પ્લેક્સ, સી.એસ.ટી રોડ, સાંતાક્રુઝ (પૂર્વ), મુંબઈ – 400098. ભારત. ચેકની રકમ અમારી સાથેના તમારા એકાઉન્ટમાં ક્રેડિટ કરવા માટેની સમય સીમા કરન્સીના પ્રકાર અને ઈન્સ્ટ્રૂમેંટ જ્યાં લખાયેલું હોય એ દેશ/સ્થળ આધારે અમારા નોસ્ટ્રો એકાઉન્ટમાં ક્રેડિટ જ્ઞાત થાય એ તારીખથી 6 થી 21 કાર્યકારી દિવસો વચ્ચેની હોઈ શકે છે.

**ફોરેન કરન્સી કેશ**
ફોરેન કરન્સી કેશ રસ ધરાવતા ગ્રાહકોને યુએસડી, યુરો, જીબીપી, જેપીવાય, કૅનેડિયન ડૉલર અને ઑસ્ટ્રેલિયન ડૉલરમાં ઉપલબ્ધ કરાવવામાં આવે છે. વેચાણ કરાયેલ ફોરેન કરન્સીની રકમ આરબીઆઈ દ્વારા વખતો વખત લાગુ કરાતા ધોરણો અનુસાર રહે છે.

**ફોરેન કરન્સી ડિમાન્ડ ડ્રાફ્ટ્સ**
એફસીવાય ડીડી સુવિધાનો લાભ નીચે જણાવેલા હેતુઓસર એફઈએમએ અનુસાર ફોરેન એક્સચેંજ ટ્રાન્ઝક્શનો કરવા રેમિટન્સ માટે મેળવી શકાય છે.:

- મિત્ર અથવા સંબંધીને ગિફ્ટ રેમિટન્સ કરવા
- વિવિધ એન્ટ્રન્સ એક્ઝામ્સ જેવી કે ટીઓઈએફએલ, જીએમએટી ઈત્યાદિ માટે એપ્લિકેશન ફી ચુકવવા
- વિદેશમાં યુનિવર્સિટી ફી ચુકવવા
- વિદેશમાં તબીબી સારવારનો ખર્ચ ચુકવવા
- આરબીઆઈની માર્ગદર્શિકા અનુસાર અન્ય કોઈપણ માન્ય હેતુસર

એફસીવાય ડિમાન્ડ ડ્રાફ્ટ્સ અમારી શાખાઓ દ્વારા ચાર કરન્સીમાં આપવામાં આવે છેઃ યુનાઈટેડ સ્ટેટ્સ ડૉલર્સ (યુએસડી), ગ્રેટ બ્રિટેન પાઉન્ડ્સ (જીબીપી), યુરો અને જાપનીઝ યેન (જેપીવાય).

**ફિશિંગઃ**

આ વેબસાઈટ પર સંવેદનશીલ અને ગોપનીય માહિતી મેળવવા છેતરપિંડીના ગુનાહિત કાર્યનું વર્ણન કરવા ઉપયોગ કરાતો શબ્દ છે. ઉપયોગકર્તા (યુઝરો)ને ગોપનીય માહિતી જેવી કે યુઝર નામ, પાસવર્ડ, એકાઉન્ટની વિગતો, ક્રેડિટ કાર્ડ નંબરો ઈત્યાદિ વેબસાઈટો જે વિશ્વસનીય સંસ્થાના મુખવટા સાથે તૈયાર કરાઈ હોય તેના પર જાહેર કરવા ભરમાવવામાં આવે છે.

ફિશિંગથી તમારું પોતાનું સંરક્ષણ કરવા માટેનાં સૂચનોઃ

- બેંક વેબસાઈટની હંમેશા મુલાકાત કરો આ માટે તમારા બ્રાઉઝર એડ્રેસ બાર પર અમારો યુઆરએલ www.kotak.com ટાઈપ કરો.
- ઈ–મેઈલ દ્વારા વ્યક્તિગત માહિતી માગતી કોઈપણ વિનંતી પર ધ્યાન ન આપો.
- અમારી વેબસાઈટની મુલાકાત લેતી વખતે હંમેશા તમારા બ્રાઉઝરમાં નીચે પૅડલૉક સિમ્બોલ માટે જુઓ.
- કોઈપણ ગેરવ્યવહારની જાણ અમને તમારી નજીકની શાખા પર અમારો સંપર્ક કરીને અથવા અમારા 24 કલાક ગ્રાહક સંપર્ક કેન્દ્ર પર કૉલ કરીને કરો. તમે ગેરવ્યવહારના કોઈ શંકાસ્પદ કિસ્સાની જાણકારી bank@kotak.com પર ઈ–મેઈલ દ્વારા પણ આપી શકો છો.

**સ્પૂફિંગઃ**

આ સંવેદનશીલ માહિતી ગેરકાયદેસર રીતે મેળવવા માટે કરાયેલ નામધારણના ગુનાહિત કાર્યનું વર્ણન કરવા ઉપયોગ કરાતો શબ્દ છે. ઈ–મેઈલ સ્પૂફ એ તે મોકલનાર અસલ વ્યક્તિને જાહેર ન કરવા અને અસલ વિશ્વસનીય સંસ્થા તરીકેની છાપ દર્શાવીને યુઝરને ઈ–મેઈલ પર ગોપનીય માહિતી જાહેર કરવા ફસાવવા માટે તૈયાર કરાયેલી ટેક્નિક છે. અદ્દલ રીતે આ ઈ–મેઈલ કાયદેસરના સરનામા પરથી મળ્યાનું જણાય છે જ્યારે આ સરનામા પર અપાતો જવાબ વાસ્તવિક દગાખોર સેન્ડરનું સરનામું ધરાવતો હોઈ શકે છે. વેબસાઈટ સ્પૂફ એ છેતરપિંડીનું કાર્ય છે જેમાં સુપ્રસિદ્ધ વેબસાઈટને દગાખોર સંસ્થા દ્વારા મિમિક કરીને યુઝરોને સંવેદનશીલ માહિતી વહેંચવા ફસાવવામાં આવે છે.

સ્પૂફિંગથી તમારું પોતાનું સંરક્ષણ કરવા માટેનાં સૂચનોઃ

- કોટક મહિન્દ્રા બેંક તમને ક્યારેય ઈ–મેઈલ દ્વારા કોઈ વ્યક્તિગત માહિતી જણાવવા માટે વિનંતી કરતોં કોઈ ઈ–મેઈલ નહીં મોકલે.
- તમારી વ્યક્તિગત, આર્થિક અથવા સલામતી માહિતી વિશે પૂછતા કોઈપણ ઈ–મેઈલનો ક્યારેય કોઈ પ્રતિભાવ ન આપો.
- આવા ઈ–મેઈલમાં ક્યારેય કોઈ લિંક પર ક્લિક ન કરો.
- જો તમને મોકલવામાં આવેલા કોઈ નકામા ઈ–મેઈલ વિશે શંકા થાય તો કૃપા કરી આની માહિતી તમારી નજીકની શાખામાં આપો અથવા અમારા 24 કલાક ગ્રાહક સંપર્ક કેન્દ્રને કૉલ કરો. તમે ગેરવ્યવહારના કોઈ શંકાસ્પદ કિસ્સાની સૂચના અમને bank@kotak.com પર ઈ–મેઈલ કરીને પણ આપી શકો છો.

**વિશિંગઃ**

વિશિંગ એ ફિશિંગ જેવી જ પ્રવૃત્તિ છે ફરક માત્ર એ છે કે આ ગેરકાયદેસર રીતે ગોપનીય માહિતી મેળવવા વીઓઆઈપી (વૉઈસ ઑવર ઈન્ટરનેટ પ્રોટોકોલ)નો ઉપયોગ કરે છે. આમાં, દગાખોર પાર્ટી દ્વારા ગ્રાહકને વૉઈસ કૉલ કરવામાં આવે છે જે ગ્રાહકને વ્યક્તિગત, આર્થિક અથવા સલામતી સંબંધિત હોઈ શકતી સંવેદનશીલ માહિતી ટેલીફોન સિસ્ટમ જેવી કે આઈવીઆર (ઈન્ટરએક્ટિવ વૉઈસ રિસ્પોન્સ) પર જાહેર કરવા ઝાળમાં ફસાવે છે.

વિશિંગથી તમારું પોતાનું સંરક્ષણ કરવા માટેનાં સૂચનોઃ

- તમારો પાસવર્ડ અથવા પિન ક્યારેય પણ કોટક મહિન્દ્રા બેંક તરફથી હોવાનું જણાવતી કોઈ વ્યક્તિને જણાવો નહીં. કોટક બેંકના કોઈપણ કર્મચારી તમને ક્યારેય તમારા પાસવર્ડ અથવા પિન માટે નહીં પૂછે.
- તમને નિર્દેશિત કરવામાં આવે એવી કોઈપણ ટેલીફોન સિસ્ટમ પર ક્યારેય તમારી કોઈ વ્યક્તિગત અથવા એકાઉન્ટ સંબંધિત માહિતી જણાવશો નહીં.
- કોઈ બેનામી મેઈલમાં જણાવેલા ફોન નંબર પર કૉલ કરતાં પહેલાં તેની ખાતરી કોટક બેંકના 24 કલાક કસ્ટમર કૅર નંબરો પરથી કરી લો.
- જો તમને મોકલેલા કોઈ બેનામી મેઈલ વિશે તમને શંકા હોય જે કોટક બેંકનો નંબર હોવા તરીકે દર્શાવેલા કોઈ વિશેષ નંબર પર કૉલ કરવા જણાવે તો કૃપા કરી આની સૂચના તમારી નજીકની શાખાને આપો અથવા અમારા સર્વવ્યાપ 24 કલાક કસ્ટમર સંપર્ક કેન્દ્રને કૉલ કરો. તમે ગેરવ્યવહારના કોઈ શંકાસ્પદ કિસ્સાની જાણ અમને bank@kotak.com પર ઈ–મેઈલ મોકલીને પણ કરી શકો છો.

**સામાન્ય નેટ બેંકિંગ સિક્યુરિટી સૂચનોઃ**

- તમારો પર્સનલ આઈડેન્ટિફિકેશન નંબર (પિન) ક્યારેય પણ લખીને ન રાખો – તેને યાદ રાખો. પિન નંબર ક્યારેય કોઈને પણ જણાવો નહીં. તમારો પિન અથવા યુઝર આઈડી અથવા પાસવર્ડ કોઈને જણાવવાથી તમને થઈ શકતા નુકસાન બદલ કોટક મહિન્દ્રા બેંક જવાબદાર નહીં રહે.
- પિન પસંદ કરતી વખતે સરળતાથી જાણી શકાય એવા નંબરો અથવા અક્ષરોનો ઉપયોગ ન કરો. અદ્યાક્ષરો, ફોન નંબર અથવા જન્મ તારીખનો ઉપયોગ કરવાનું ટાળો.
- કોટક મહિન્દ્રા બેંક દ્વારા ઈ–મેઈલ અને એસએમએસ એલર્ટ સુવિધા પૂરી પાડવામાં આવે છે જે તમને ટ્રાન્ઝક્શન એલર્ટ્સ મોકલે છે. બેંક દ્વારા મોકલવામાં આવેલા એલર્ટ્સ–ઈમેઈલ/એસએમએસ પર હંમેશા ધ્યાન આપો કેમ કે આ તમને તમારા પૈસા પર ધ્યાન રાખવા અને તેનો કોઈ દુરુપયોગ થતો રોકવામાં સહાય કરે છે.
- જો તમને શંકા હોય કે તમારા નેટ બેંકિંગ પાસવર્ડ પરની સીક્યોરિટી ભેદવામાં આવી છે અથવા ડેબિટ કાર્ડ ખોવાઈ ગયું છે તો કૃપા કરી તરત જ અમારા 24 કલાક કસ્ટમર સંપર્ક કેન્દ્રનો સંપર્ક કરો.

**ડોમેસ્ટિક રેમિટન્સ**

**ડિમાન્ડ ડ્રાફ્ટ્સ (ડીડી) / બેંકર્સ ચેક (બીસી):**

**ડિમાન્ડ ડ્રાફ્ટ્સઃ** ડિમાન્ડ ડ્રાફ્ટ એ પૈસાની ચુકવણીને અમલી કરતું ઈન્સ્ટ્રુમેંટ છે. આ નિગોશિએબલ ઈન્સ્ટ્રુમેંટ છે અને ચુકવણી કરવા માટેનો લેખિત આદેશ છે. બેંક દ્વારા તેની પોતાની શાખાઓ, બેંકની કોરસપોન્ડન્ટ શાખાઓ પર ડીડી ઈશ્યૂ કરવામાં આવે છે, આ ઉપરાંત કોરસપોન્ડન્ટ બેંક લોકેશન સિવાયના અન્ય લોકેશનો પર લખાયેલા ડ્રાફ્ટ્સ માટે બેંક દ્વારા સ્થાનિક બેંક શાખાઓ સાથે ડ્રાફ્ટ ડ્રૉ વ્યવસ્થા મારફત ડ્રાફ્ટ ઈશ્યૂ કરવામાં આવે છે.

**બેંકર્સ ચેક્સઃ** આ ગ્રાહકોને નાણાંના સ્થાનિક રેમિટન્સ માટે પૂરી પડાતી સુવિધા છે. બેંકર્સ ચેક તે ઈશ્યૂ કરનાર બેંક પર લખાયેલો અને ત્યાં જ ચુકવવાપાત્ર ચેક છે.

ડીડી/બીસી ઈશ્યૂ કરવા માટેના ચાર્જિસ ચાર્જિસ માટેના જનરલ શેડ્યૂલમાં જણાવેલા છે.

**નૅશનલ ઈલેક્ટ્રૉનિક ફંડ ટ્રાન્સફર (એનઈએફટી)**

ભારતભરમાં બેંકિંગ ક્ષેત્રે ફંડ ટ્રાન્સફર કરવા અને ક્લિરિંગ માટેની કાર્યદક્ષ, સલામત, કરકસરભરી, વિશ્વસનીય અને ઝડપી પ્રણાલીની સુવિધા માટે તેમજ પ્રવર્તમાન કાગળ આધારિત ફંડ્સ ટ્રાન્સફર અને ક્લિરિંગ પ્રણાલી પરથી બોજો ઓછો કરવા માટે.

**ઈલેક્ટ્રૉનિક ક્લીયરિંગ સિસ્ટમ (ઈસીએસ)**

જે ગ્રાહકોને જથ્થાબંધ અને વારંવાર કરાતા ચુકવણી ટ્રાન્ઝક્શનનો જેવાં કે ડિવિડંડ, કમિશન, વ્યાજ ઈત્યાદિ માટે પેપર ઈન્સ્ટ્રુમેંટના પર્યાયની આવશ્યકતા હોય તેમના માટે આરબીઆઈ દ્વારા વિકસાવવામાં આવેલી સુવિધા.

**રીઅલ ટાઈમ ગ્રોસ સેટલમેન્ટ (આરટીજીએસ)**

આરટીજીએસ એ ફંડ ટ્રાન્સફર યંત્રણા છે જેમાં પૈસાનું હસ્તાંતર રીઅલ ટાઈમ પર અને ગ્રોસ ધોરણે એક બેંકથી બીજી બેંકમાં કરવામાં આવે છે. આ બેંકિંગ ચૅનલ મારફતની સૌથી ઝડપી સંભાવિત મની ટ્રાન્સફર પ્રણાલી છે. રીઅલ ટાઈમમાં સેટલમેંટનો અર્થ છે કે પેમેન્ટ ટ્રૅન્સૈકશન કોઈ પ્રતિક્ષા મુદતને આધીન નથી. ટ્રાન્ઝક્શનની પ્રક્રિયા થતાની સાથે જ તેનું સમાધાન થાય છે. ગ્રોસ સેટલમેંટનો અર્થ છે કે ટ્રૅન્સૈકશન વન ટુ વન ધોરણે અન્ય કોઈપણ ટ્રાન્ઝક્શન સાથે ભેગાં કર્યાં વિના સમાધાન કરવામાં આવે છે. મની ટ્રાન્સફર ભારતીય રિઝર્વ બેંક ના ચોપડામાં થતા હોવાથી ચુકવણી ફાઈનલ અને પાછી ન ખેંચી શકાય (ઈરિવોકેબલ) તરીકે લેવામાં આવે છે. આરટીજીએસનો ઉપયોગ કરીને ગ્રાહકો રૂા. 2 લાખ અને વધુની રકમ કોઈપણ સહભાગી બેંક શાખાઓમાં ફંડ ટ્રાન્સફર કરી શકે છે.

**ગ્રાહકોના એકાઉન્ટની ગુપ્તતા**

બેંકે ગ્રાહકના એકાઉન્ટની વિગતો/માહિતી ત્રીજી વ્યક્તિને અથવા ગ્રાહકની અમલી સંમતિ વિના કોઈ અન્ય પક્ષને જાહેર ન કરવી જોઈએ. જોકે, આમાં અમુક અપવાદો છે જેમ કે કાયદા હેઠળ ફરજિયાત એવી માહિતી જાહેર કરવી, જ્યાં જનતાને માહિતી જાહેર કરવી જરૂરી હોય અને જ્યાં બેંકના હિતમાં જાહેર કરવી આવશ્યક હોય.

**મૃત વ્યક્તિના ડિપોઝિટ એકાઉન્ટની રકમનું સમાધાન**

- જો ડિપોઝિટર દ્વારા બેંકમાં નોમિનેશન નોંધવામાં આવ્યું હોયઃ મૃત્યુ પામેલા ડિપોઝિટરના એકાઉન્ટમાં રહેલી બેલેન્સ બેંક દ્વારા નોમિનીની ઓળખની ખાતરી કરી લીધા પછી તેના ખાતામાં ટ્રાન્સફર કરવામાં /ચૂકવી દેવામાં આવશે.
- ઉપર જણાવેલી પ્રક્રિયા જોઈન્ટ એકાઉન્ટના કિસ્સામાં પણ અનુસરવામાં આવશે જેમાં બેંકસાથે નોમિનેશન નોંધવામાં આવ્યું હોય.
- જોઈન્ટ ડિપોઝિટ એકાઉન્ટમાં જ્યારે કોઈ એક એકાઉન્ટધારક મૃત્યુ પામે છે ત્યારે બેંક મૃત વ્યક્તિના કાયદેસર વારસો અને જીવિત રહેલા ડિપોઝિટર(રો) ને સંયુક્ત રીતે ચુકવણી કરવાની રહે છે. જોકે, જોઈન્ટ એકાઉન્ટ ધારકોએ બેલેન્સનો નિકાલ આઇધર અથવા સર્વાઈવર, ફોર્મર/લેટર અથવા સર્વાઈવર, સર્વાઈવરોમાંથી કોઈપણ અથવા સર્વાઈવર ઈત્યાદિ સ્વરૂપે રહેલા એકાઉન્ટમાં બેલેન્સના નિકાલની લેખિત સૂચના (મેન્ડેટ) આપ્યું હોય તો મેન્ડેટ અનુસાર જ ચુકવણી કરવામાં આવશે જેથી મૃત વ્યક્તિના વારસો દ્વારા કાયદેસર કાગળિયાં રજૂ કરવામાં વિલંબને ટાળી શકાય.
- નોમિનેશન ન કર્યું હોય અને બેંકને કોઈ જ વાજબી શંકા ન જણાતી હોય અથવા દાવેદારો વચ્ચે કોઈ વિવાદ ન હોય તો મૃત વ્યક્તિના એકાઉન્ટમાં બાકી રહેલી રકમ બેંક દ્વારા બધા જ કાયદેસર વારસો તરફથી કરાયેલી સંયુક્ત અરજી અને ઈન્ડેમ્નિટી સામે અથવા કાયદેસરના વારસો દ્વારા તેમના વતી બેંકના બોર્ડ દ્વારા સમયાંતરે માન્ય કરાયેલી સીમા સુધીની ચુકવણી કાયદેસરના કાગળિયાનો આગ્રહ રાખ્યા વિના મેળવવા મેન્ડેટ કરાયેલી વ્યક્તિને ચુકવી દેવામાં આવશે. આમ કરવામાં આવે છે જેથી એ સુનિશ્ચિત કરી શકાય કે ડિપોઝિટરોને કાયદેસર ઔપચારિકતાઓ પૂરી કરવામાં વિલંબનો સામનો ન કરવો પડે.

**મૃત વ્યક્તિના એકાઉન્ટમાં ટર્મ ડિપોઝિટ પર ચુકવવાપાત્ર વ્યાજ**

ડિપોઝિટની પાકતી તારીખ પહેલાં ડિપોઝટકર્તાનું મૃત્યુ થવાના અને પાકતી તારીખ પછી ડિપોઝિટની રકમનો દાવો કરવાના કિસ્સામાં બેંક દ્વારા કૉન્ટ્રાક્ટ કરાયેલા દરે વ્યાજની ચુકવણી પાકતી મુદત સુધી કરવામાં આવશે. પાકતી તારીખ થી ચુકવણીની તારીખ સુધી બેંક દ્વારા પાકતી મુદતે લાગુ થતા પ્રવર્તમાન દરે સરળ વ્યાજ ડિપોઝિટ પાકતી તારીખ પછી જેટલી મુદત માટે બેંકમાં રહે ત્યાં સુધી આ સંદર્ભે બેંકની નીતિ અનુસાર ચુકવવામાં આવશે.

જોકે, ડિપોઝિટની પાકતી તારીખ પછી ડિપોઝિટકર્તાનું મૃત્યુ થવાના કિસ્સામાં બેંક દ્વારા પાકતી તારીખથી ચુકવણીની તારીખ સુધી વ્યાજની ચુકવણી પાકતી તારીખના રોજ પ્રવર્તમાન સેવિંગ્સ એકાઉન્ટના દરે કરવામાં આવશે.

**ડિપોઝિટો માટે વીમા સુરક્ષા**

બેંકમાં કરાતી ડિપોઝિટો ડિપોઝિટ ઈન્શ્યૉરન્સ ઍન્ડ ક્રેડિટ ગૅરંટી કૉર્પોરેશન ઑફ ઈન્ડિયા (ડીઆઈસીજીસી) દ્વારા રજૂ કરાતી વીમા યોજના હેઠળ આવરી લેવામાં આવી છે, જે ડીઆઈસીજીસી દ્વારા નિર્દિષ્ટ કેટલીક મર્યાદાઓ અને શરતોને આધીન છે.

- બધી જ કમર્શિયલ બેંકો સહિત ભારતમાં કાર્યરત વિદેશી બેંકોની શાખાઓ, લોકલ એરીયા બેંક અને રિજનલ રુરલ બેંકો ડિપોઝિટ ઈન્શ્યૉરન્સ ઍન્ડ ક્રેડિટ ગૅરંટી કૉર્પોરેશન ઑફ ઈન્ડિયા (ડીઆઈસીજીસી) દ્વારા ઈન્શ્યૉર્ડ છે.
- ડીઆઈસીજીસી બધી જ ડિપોઝિટો જેવી કે સેવિંગ્સ, ફિક્સ્ડ, કરન્ટ ઈત્યાદિનો વીમો કરે છે.
- બેંકની જુદી જુદી શાખાઓમાં રખાયેલી ડિપોઝિટોને એકત્રિત કરીને વધુમાં વધુ રૂ.5,00,000/- (રૂપિયા પાંચ લાખ ફક્ત) સુધી સીમિત રખાય છે જે બેંકનું લાઈસન્સ લિક્વિડેટ/રદ થવાની તારીખે અથવા સ્કીમ ઑફ અમાલ્ગમેશન/મર્જર/રીકન્સ્ટ્રક્શન અમલી થાય એ તારીખે તેના/તેણી દ્વારા એ જ અધિકાર અને ક્ષમતામાં ધરાવાતી મૂળ રકમ અને વ્યાજની રકમ મળીને રહેશે.
- ડીઆઈસીજીસી દ્વારા વધુમાં વધુ રૂ.5 લાખની રકમનો મૂળ અને વ્યાજની રકમ સહિત વીમો કરવામાં આવે છે. દા.ત. જો કોઈ વ્યક્તિ રૂ.4,95,000 ની મૂળ રકમ વત્તા જમા થયેલ વ્યાજ રૂ.4000 સાથે એકાઉન્ટ ધરાવતી હોય તો ડીઆઈસીજીસી દ્વારા વીમો કરાતી કુલ રકમ રૂ.4,99,000 રહેશે. જોકે, અગર આ રકમમાં મૂળ રકમ રૂ.5 લાખ હોત તો તેના પર જમા થયેલા વ્યાજનો વીમો ન થયો હોત, આ વ્યાજ હતું એ કારણથી નહીં પરંતુ આ રકમ રૂ.5 લાખની વીમા મર્યાદાથી વધતી હોવાને લીધે આમ બને છે.

- આ જ બેંકમાં આ જ પ્રકારની ઑનરશિપમાં ધરાવાતી બધી જ રકમ  ડિપોઝિટ વીમો નિર્ધારિત કરતાં પહેલાં ભેગી કરવામાં આવે છે. જો આ રકમ વિવિધ પ્રકારની ઑનરશિપમાં હોય અથવા અલગ અલગ બેંકમાં જમા કરાયા હોય તો તેને ત્યારબાદ અલગથી વીમિત કરાશે. જો તમે એક કરતાં વધારે બેંકમાં ડિપોઝિટ ધરાવતા હો તો ડિપોઝિટ ઈન્શ્યૉરન્સ સુરક્ષા મર્યાદા દરેક બેંકમાં ડિપોઝિટો માટે અલગથી લાગુ રહે છે.
- જો કોઈ વ્યક્તિ દ્વારા કોઈ બેંકની એક અથવા વધુ શાખાઓમાં એક કરતાં વધારે ડિપોઝિટ એકાઉન્ટ ખોલવામાં આવે દા.ત. મિ.એક્સ એક અથવા વધુ સેવિંગ્સ/કરન્ટ એકાઉન્ટ તેમ જ એક અથવા વધુ ફિક્સ્ડ/રિકરિંગ ડિપોઝિટ એકાઉન્ટ ઈત્યાદિ ખોલાવે તો આ બધાને એ જ ક્ષમતામાં અને એ જ અધિકારો સાથે ધરાવાતા એકાઉન્ટ માનવામાં આવે છે. એટલે, આ બધા જ ખાતાઓમાં રહેલી બેલેન્સને ભેગી કરવામાં આવે છે અને વધુમાં વધુ રૂા.5 લાખ સુધી વીમો મળે છે. જો ફર્મના પાર્ટનર અથવા સગીર વ્યક્તિના પાલક અથવા કંપનીના ડાયરેક્ટર અથવા ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે અથવા જોઈન્ટ એકાઉન્ટ તરીકે ધારો કે તેમની પત્ની શ્રીમતી વાય સાથે મિ.એક્સ દ્વારા બેંકની એક કરતાં વધુ શાખાઓમાં એકાઉન્ટ ખોલવામાં આવે તો આ એકાઉન્ટોને જુદી જુદી ક્ષમતામાં ધરાવાતા અને જુદા જુદા અધિકારો સાથેના એકાઉન્ટ તરીકે ગણવામાં આવે છે, આવા ડિપોઝિટ એકાઉન્ટો પણ અલગ રૂા.5 લાખની વીમા સુરક્ષાનો લાભ મેળવશે.
- પ્રોપરાઈટરી કન્સર્નના નામે કરાયેલી ડિપોઝિટ જેમાં ડિપોઝિટર સોલ પ્રોપરાઈટર (સંપૂર્ણ માલિક) હોય અને આ વ્યક્તિગત ક્ષમતામાં રખાયેલી ડિપોઝિટની રકમ એકત્રિત કરવામાં આવે અને વધુમાં વધુ રૂા.5 લાખ સુધીની રકમ પર વીમા સુરક્ષા ઉપલબ્ધ રહે છે.

આ વિશે વધુ માહિતી માટે કૃપા કરી www.dicgc.org.in જુઓ.

**ડોર્મન્ટ એકાઉન્ટ્સ**

એકાઉન્ટો કે જેમાં ગ્રાહક દ્વારા કરાયેલા કોઈ ટ્રાન્ઝક્શનો (સિસ્ટમ જનરેટેડ ટ્રાન્ઝક્શનો જેવા કે વ્યાજની ક્રેડિટ, ડેબિટ સિવાય) સતત 24 મહિનાની મુદત સુધી ન નોંધાયા હોય તો તેને ગ્રાહકના હિતમાં ડોર્મેન્ટ (નિષ્ક્રિય) એકાઉન્ટ માનવામાં આવશે. આવા એકાઉન્ટનું સ્ટેટસ ડોર્મેન્ટથી એક્ટિવમાં તો જ બદલવામાં આવશે જો ગ્રાહક દ્વારા આ માટે લેખિતમાં સૂચના તેના સુસંગત ઓળખના પુરાવા સહિત અને એકાઉન્ટમાં આર્થિક લેવડદેવડનું ટ્રાન્ઝક્શન કરવા સાથે આપવામાં આવે. સગવડભરી બેંકિંગ ચૅનલ્સ જેવી કે એટીએમ, નેટ બેંકિંગ, મોબાઈલ બેંકિંગ, ફોન બેંકિંગ ઈત્યાદિ મારફત કરાયેલા ટ્રાન્ઝક્શનનો માટે બેંક દ્વારા એકાઉન્ટ ડોર્મન્ટ હોય ત્યાં સુધી કોઈ પરવાનગી આપવામાં નહીં આવે.

**સેફ ડિપોઝિટ લૉકર્સ**

આ સુવિધા ચુનંદી બેંક શાખાઓમાં જ આપવામાં આવે છે અને જ્યાં આ સુવિધા આપવામાં આવે છે ત્યાં સેફ ડિપોઝિટ વોલ્ટની ફાળવણી તેની ઉપલબ્ધતા તેમ જ આ સેવા સંબંધિત અન્ય નિયમો અને શરતોનું પાલન થવાને આધીન રહે છે. સેફ ડિપોઝિટ લૉકર્સ વ્યક્તિ (સગીર ન હોય) દ્વારા પોતાના નામે અથવા અન્ય વ્યક્તિ સાથે સંયુક્ત નામે, એચયુએફ, ફર્મ્સ, લિમિટેડ કંપનીઓ, એસોસિએશનો, સોસાયટીઓ, ટ્રસ્ટો ઈત્યાદિ દ્વારા ભાડે રાખી શકાય છે. એક જ નામે અથવા સંયુક્ત રીતે લૉકર્સ ધરાવતી વ્યક્તિઓને નોમિનેશન સુવિધા ઉપલબ્ધ રહે છે. લૉકર ભાડે રાખનાર મૂળ વ્યક્તિનું મૃત્યુ થવાના કિસ્સામાં જો પ્રોબેટ કરેલ વસિયતનામું (વિલ) ઉપલબ્ધ હોય તો એક્ઝિક્યુટર/એડમિનિસ્ટ્રેટરને તેની પહોંચ (એક્સેસ) આપવામાં આવશે.

**ફરિયાદો અને તકરારો**

ગ્રાહકો બેંક દ્વારા અપાતી સેવાઓ સામે ફરિયાદો/તકરારો ધરાવતા હોય તો તેઓ ગ્રાહકની ફરિયાદો/તકરારોનો સમાધાન માટે બેંક દ્વારા નિયુક્ત કરાયેલ સત્તાધિકારીઓનો સંપર્ક કરવાનો અધિકાર ધરાવે છે. ફરિયાદો/તકરારોના સમાધાન માટેની વિગતો અને યંત્રણા શાખા પ્રીમાઈસિસ/બેંકની વેબસાઈટ પર દર્શાવવામાં આવી છે. બ્રાન્ચ અધિકારી દ્વારા ફરિયાદ દાખલ કરવા સંદર્ભે આવશ્યક બધી જ માહિતી પૂરી પાડવામાં આવશે. જો ગ્રાહકને બેંક તરફથી તેને સંતોષ થાય એ રીતેનું સમાધાન તેની ફરિયાદની તારીખથી 30 દિવસોની અંદર પ્રાપ્ત ન થાય તો તે/તેણી રિઝર્વ બેંક ઑફ ઈન્ડિયા દ્વારા નિયુક્ત કરાયેલા બેંકિંગ ઓમ્બડ્સમનનો સંપર્ક કરવાનો અધિકાર ધરાવે છે.

**ચેક ડ્રૉપ બૉક્સ અને ચેક્સનું એકનોલેજમેન્ટ**

ચેક ડ્રૉપ બૉક્સ સુવિધા ઉપલબ્ધ હોવા છતાં ગ્રાહક દ્વારા બેંકના કાઉન્ટર પર ડિપોઝિટ માટે રજૂ કરાતા દરેક ચેક માટે વિનંતી કરવા પર એકનોલેજમેન્ટ આપવામાં આવશે. આ ઉપરાંત, શાખા એટીએમ ડ્રૉપ બૉક્સ પર પણ નોંધ દર્શાવેલી હશે કે ગ્રાહકો કાઉન્ટર પર પણ ચેક આપી શકે છે અને પે-ઈન-સ્લિપ પર એકનોલેજમેન્ટ મેળવી શકે છે.

**ડુ નોટ કૉલ રજિસ્ટ્રી**

બેંક દ્વારા તેના ગ્રાહકોને તેમના નવાં ઉત્પાદનો અને સેવાઓ વિશે માહિતી મોકલવામાં આવે છે. આ માહિતી અમે પત્ર, ઈ–મેઈલ અથવા ફોન મારફત અને માત્ર એવા લોકોને જ મોકલીએ છીએ જેમને અમારા મતે આ ઉત્પાદનો અને સેવાઓ લાભદાયી અને ઉપયોગી જણાય.

અમે તમારી ગોપનીયતાનો આદર કરીએ છીએ અને તમારામાંથી કેટલાંક અમારી ટેલીમાર્કેટિંગ પ્રવૃત્તિઓ અર્થે ફોન/ઈ–મેઈલ/એસએમએસ દ્વારા સંપર્ક કરવામાં ન આવે એવી તમારી ઈચ્છાને અમે માન આપીએ છીએ. જો તમે આવી ઈચ્છા ધરાવતા હો તો તમે અમારી વેબસાઈટ પર ઉપલબ્ધ ડુ નોટ કૉલ સર્વિસ રજિસ્ટ્રેશન સુવિધાનો ઉપયોગ કરી શકો છો અથવા અમને લખી મોકલો અથવા કૉલ કરો અને તમારા ફોન નંબરની નોંધણી કરાવો કે તમે અમારી ટેલીમાર્કેટિંગ યાદીમાંથી નામ રદ કરવા ચાહો છો. તમારી નોંધણી કરવા માટે તમે આપેલી માહિતી ગોપનીય રહેશે.

એક વાર તમે નોંધરી કરાવ્યા પછીઃ

- બેંક તરફથી તમારા નોંધણી કરાયેલા નંબર પર તમને કોઈ માર્કેટિંગ કૉલ્સ ન આવે એ માટે અમે બનતા બધા જ પ્રયાસો કરીશું.

- કૃપા કરી અમારી ટેલીમાર્કેટિંગ યાદીમાંથી આ નિર્દિષ્ટ નંબર દૂર કરવા માટે અમને 15 દિવસની મુદત આપશો.

**ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ સેવાઓ**

બેંક તેના ગ્રાહકો માટે નાણાકીય પ્રોડક્ટસ અને સેવાઓની વિશાળ શ્રેણી રજૂ કરે છે, જેમાં ડિપોઝિટરી સેવાઓનો પણ સમાવેશ થાય છે. બેંક તેની સમગ્ર ભારતમાં આવેલી શાખાઓના નેટવર્ક દ્વારા તેની ડિપોઝિટરીઝ સેવાઓ આપવા માટે બન્ને ડિપોઝિટરીઝ (એટલેકે એનએસડીએલ અને સીડીએસએલ) સાથે ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ (ડીપી) તરીકે રજીસ્ટર્ડ થયેલ છે. આ સેવાઓમાં સમાવેશ થાય છે એકાઉન્ટ ખોલાવવું અને જાળવણી, ડિમટીરિયલાઇઝેશન, રિમટીરિયલાઇઝેશન, માર્કેટ ટ્રાન્સફર મારફતે સોદાની પતાવટ, બંધ બજારના ટ્રાન્સફર, ડિપોઝિટરી વચ્ચે ટ્રાન્સફર, નોમિનેશન, ટ્રાન્સમિશન, વસ્તી વિષયક વિગતોમાં ફેરફારો વગેરે.

**એકાઉન્ટ ખોલાવવુંઃ** પોતાની પાસે ભૌતિક સ્વરૂપે રહેલા શેર સર્ટીફીકેટસને ઈલેક્ટ્રોનિક સ્વરૂપમાં ફેરવવા ગ્રાહકે ડિમેટ એકાઉન્ટ ખોલવવાની જરૂર પડે છે. શેર્સને ભૌતિક સ્વરૂપમાંથી ઈલેક્ટ્રોનિક સ્વરૂપમાં ફેરવવા શેર સર્ટીફીકેટસમાં રહેલી હોલ્ડિંગ પેટર્ન મુજબ એકાઉન્ટ ખોલાવવાનું રહે છે. સેકન્ડરી માર્કેટમાં વ્યવહારના કિસ્સામાં એટલે કે રજીસ્ટર્ડ સ્ટોક બ્રોકર મારફતે ખરીદ/વેચાણ માટે ગ્રાહકે તેમના એકાઉન્ટમાં શેર્સ જમા/ઉધાર કરવા માટે તેમના ડિમેટ એકાઉન્ટની વિગતો બ્રોકરને આપવાની જરૂર પડે છે. ડિમેટ એકાઉન્ટ ખોલવવા માટે ગ્રાહકે યોગ્ય રીતે ભરવામાં આવેલ એકાઉન્ટ ખોલાવવાનું અરજી ફોર્મ અને સંબંધિત કેવાયસી દસ્તાવેજો (એટલે કે ઓળખનો પુરાવો, સરનામાનો પુરાવો અને પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફ સાથે અન્ય વિગતો) દસ્તાવેજો ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ (ડીપી)માં રજૂ કરાવવાના રહે છે. તમામ દસ્તાવેજો સ્વ–પ્રમાણિત હોવા જોઈએ. ગ્રાહક દ્વારા રજૂ કરવામાં આવેલ દસ્તાવેજો/વિગતોની સાથે અરજી પર સફળ કાર્યવાહી થયા બાદ ડિમેટ એકાઉન્ટ ખોલવામાં આવે છે અને બેંક દ્વારા તેને ગ્રાહક સાથે શેર કરવામાં આવે છે. બેંક સાથેના ભવિષ્યના તમામ પત્રવ્યવહારમાં ગ્રાહકે ડિમેટ એકાઉન્ટનો ઉલ્લેખ કરવાનો રહે છે.

**શેર્સનું ડિમટીરિયલાઈઝેશનઃ** જે સિક્યુરીટીઝ જે સંબંધિત ડિપોઝિટરી સાથે ડિમટીરિયલાઈઝેશન માટે રજીસ્ટર્ડ થઈ હોય માત્ર તે જ ડિમટીરિયલાઈઝ થઈ શકે છે. એકાઉન્ટ ધારકના નામે રજીસ્ટર્ડ થયા હોય માત્ર તે જ હોલ્ડીંગ ડિમટીરિયલાઈઝ થઈ શકે છે. સિક્યુરીટીઝ ધારકનું નામ ડિમેટ એકાઉન્ટમાં આપવામાં આવેલ નામ સાથે મેળ ધરાવતું હોવું જોઈએ. શેર સર્ટીફીકેટસ નામના અલગ ક્રમમાં હોવા છતાં જેમાં સિક્યુરીટીઝ એક જ એકાઉન્ટમાં ડિમટીરિયલાઈઝ થઈ શકતી હોય ત્યાં ક્રમ પરિવર્તનની સાથે ડિમેટ સુવિધા ઉપલબ્ધ છે. ડિમટીરિયલાઈઝેશન માટે ગ્રાહક (રજીસ્ટર્ડ માલિક) નિયત કરેલ ડિમેટ રિક્વેસ્ટ ફોર્મમાં ડિમટીરિયલાઈઝ કરવાની સિક્યુરીટીઝના સર્ટીફીકેટસ સાથે ડિમટીરિયલાઈઝેશન માટેની વિનંતી બ્રાન્ચ ખાતે રજૂ કરશે. રજૂ કરતાં પહેલાં ગ્રાહકે સર્ટીફીકેટ પર ડિમટીરિયલાઈઝેશન માટે સમર્પિત લખીને તેને છેકી નાંખવાનું રહેશે. સામાન્ય સંજોગોમાં ડીપીને ડિમેટ વિનંતી રજૂ કર્યાની તારીખથી આશરે 30 દિવસની અંદર ગ્રાહક ડિમેટ પુષ્ટિ મેળવે છે. દરેક કંપનીના શેર્સને ડિમટીરિયલાઈઝ કરાવવા અલગ વિનંતી કરવાની જરૂર પડે છે. ઘણીબધી કંપનીઓ હોય તેવા કિસ્સામાં

ડિમટીરિયલાઈઝેશન માટે અલગથી વિનંતીઓ કરવાની જરૂર પડે છે. વિનંતીઓ પર ઉલ્લેખ કરવામાં આવેલ વિગતોની બ્રાન્ચ ચકાસણી કરે છે અને ડિમટીરિયલાઈઝેશન માટે કંપનીની ઉપલબ્ધતાની તપાસ કરે છે. ડિમેટ એકાઉન્ટના તમામ ધારકોએ વિનંતી ફોર્મમાં સહી કરવી અનિવાર્ય છે. વિનંતી ફોર્મમાં કરવામાં આવેલી સહીને બ્રાન્ચ ડિમેટ એકાઉન્ટની સાથે ચકાસણી કરે છે. જો યોગ્ય જોવા મળે તો બ્રાન્ચ તમામ બાબતે વિનંતીને સિસ્ટમમાં લઈ લે છે અને તેને આગળની કાર્યવાહી માટે સેન્ટ્રલાઈઝ્ડ ડિપોઝિટરી ઓપરેશન્સની ઓફિસને મોકલી આપે છે. સંબંધિત RTA/કંપનીને મોકલી આપવામાં આવેલ વિનંતી પર કામગીરી થાય છે અથવા અસ્વીકાર થાય છે. અસ્વીકારના કિસ્સામાં જરૂરી ઉકેલ લાવવા માટે દસ્તાવેજો ગ્રાહકને પરત કરવામાં આવે છે ત્યારબાદ ડિમટીરિયલાઈઝેશનના હેતુ માટે ફરીથી વિનંતી કરવાની રહે છે.

**શેર્સનું રિમટીરિયલાઈઝેશનઃ** જે સિક્યુરીટીઝ ઈલેક્ટ્રોનિક સ્વરૂપે હોય અને તેને ગ્રાહક ફરીથી ભૌતિક સ્વરૂપે રાખવા માંગતા હોય તો બ્રાન્ચ ખાતે રિમટીરિયલાઈઝેશનની વિનંતી રજૂ કરવાની રહે છે. ડિમેટ એકાઉન્ટમાં રહેલ માત્ર મુક્ત બેલેન્સ હોલ્ડિંગને જ ગ્રાહક દ્વારા ભૌતિક સ્વરૂપમાં પરિવર્તિત કરી શકાય છે. ગ્રાહકે નિયત ફોર્મેટમાં રિમટીરિયલાઈઝેશનની વિનંતી બ્રાન્ચને રજૂ કરવાની રહે છે. બ્રાન્ચ અરજી ફોર્મમાં જણાવેલ વિગતોની ચકાસણી કરશે જેમાં ડિમેટ એકાઉન્ટના તમામ ખાતા ધારકોની સહીઓ અને ડિમેટ એકાઉન્ટમાં ઉપલબ્ધ મુક્ત હોલ્ડિંગનો સમાવેશ થાય છે. જો યોગ્ય જોવા મળે તો બ્રાન્ચ તમામ બાબતે વિનંતીને સિસ્ટમમાં લઈ લે છે અને તેને આગળની કાર્યવાહી માટે સેન્ટ્રલાઈઝ્ડ ડિપોઝિટરી ઓપરેશન્સની ઓફિસને મોકલી આપે છે. સંબંધિત RTA/કંપનીને મોકલી આપવામાં આવેલ વિનંતી પર કામગીરી થાય છે અથવા અસ્વીકાર થાય છે. અસ્વીકારના કિસ્સામાં જરૂરી ઉકેલ લાવવા માટે દસ્તાવેજો ગ્રાહકને પરત કરવામાં આવશે.

**સોદાની પતાવટઃ** શેર્સને સ્ટોક એક્સચેન્જના માર્ગે વેચવા માટે ગ્રાહકે સેબીમાં રજીસ્ટર્ડ બ્રોકર (ક્લિરિંગ મેમ્બર) પાસે ટ્રેડિંગ એકાઉન્ટ ખોલાવવાનું રહે છે. બ્રોકર મારફતે શેર વેચ્યા બાદ ગ્રાહકે T+2 દિવસની અંદર તેના ડિમેટ એકાઉન્ટમાંથી બ્રોકરના પૂલ એકાઉન્ટમાં શેર ટ્રાન્સફર કરવાના રહે છે. CM-BP ID (ક્લિરિંગ મેમ્બર), સેટલમેન્ટ સેગમેન્ટ, સેટલમેન્ટ નંબર વિગતો વગેરેની સાથે શેર્સની વિગતો અને વેચેલા શેર્સની સંખ્યાની વિગતોનો ઉલ્લેખ કરતી ડિલીવરી સૂચના સ્લીપ ગ્રાહકે બ્રાન્ચ ખાતે જમા કરાવવાની રહે છે. આવા સોદા ઓન–માર્કેટ સોદા કહેવાય છે, જેમાં સોદાની પતાવટ સંબંધિત સ્ટોક એક્સચેન્જ દ્વારા કરવામાં આવે છે. આ જ રીતે એક જ ડિપોઝિટરીઝની અંદર જેમાં સોદા પતાવટની જવાબદારી હોતી નથી તેમાં જો ગ્રાહક એક ડિમેટ એકાઉન્ટમાંથી બીજા ડિમેટ એકાઉન્ટમાં શેર્સ ટ્રાન્સફર કરવા ઈચ્છે તો તેને ઓફ–માર્કેટ સોદા કહેવાય છે.

ડિપોઝિટરીઝ વચ્ચેની સૂચનાઓના કિસ્સામાં જેમાં શેર્સ એક ડિપોઝિટરીઝમાં રહેલા ડિમેટ એકાઉન્ટમાંથી બીજી ડિપોઝિટરીઝમાં રહેલા ડિમેટ એકાઉન્ટમાં જાય છે તેને ડિપોઝિટરી વચ્ચેના સોદા કહેવામાં આવે છે.

યોગ્ય રીતે ભરવામાં આવેલ સૂચના સ્લીપ મળ્યા બાદ સૂચના સ્લીપ પર ભરવામાં આવેલ તમામ સંબંધિત વિગતોની બ્રાન્ચ ચકાસણી કરશે અને જો તમામ રીતે યોગ્ય અને સંપૂર્ણ લાગશે તો સિસ્ટમમાં વ્યવહાર અમલમાં મૂકશે. કોઈપણ અસ્વીકારના કિસ્સામાં જરૂરી સુધારા માટે તેની તાત્કાલિક જાણ કરવામાં આવશે.

**નોમિનેશન**

ગ્રાહક નિયત કરેલ નોમિનેશન ફોર્મ ભરીને કોઈપણ વ્યક્તિની તરફેણમાં તેમના ડિમેટ એકાઉન્ટમાં નોમિનેશન કરી શકે છે. એકાઉન્ટ ધારક/કો દ્વારા માત્ર નોમિનેશન ફોર્મ ભરીને અને બ્રાન્ચ ખાતે રજૂ કરીને કોઈપણ સમયે નોમિનેશન ફેરફાર કરી/કાઢી નાંખી શકાય છે. ડિમેટ એકાઉન્ટ ધારકના મૃત્યુના કિસ્સામાં મૃત્યુ સમયે રજીસ્ટર્ડ થયેલ નોમિનીની તરફેણમાં શેર્સ ટ્રાન્સફર થશે. ડિમેટ એકાઉન્ટમાં નોમિનેશન કરાવવું હંમેશા સલાહભર્યું છે.

**વહન**

જો અવસાન પામનાર સંયુક્ત ધારકોમાંથી કોઈ એક હોય તો હયાત ધારકોએ મૃત્યુ પામેલના એકાઉન્ટમાં રહેલ સિક્યોરીટીઝને હયાત ધારકોના એકાઉન્ટમાં લઈ જવા માટે નોટરી કરેલ મૃત્યુના પ્રમાણપત્રની નકલ સાથે નિયત ટ્રાન્સમિશન ફોર્મમાં બેંકને વિનંતી કરવાની રહે છે. આ હેતુ માટે

હયાત ધારક(કો) પાસે ડિપોઝીટરી એકાઉન્ટ હોવું અનિવાર્ય છે જે તે જ ડીપી અથવા અન્ય ડીપી અને ડિપોઝીટરીની અંદર અથવા અન્ય ડિપોઝીટરીમાં પણ હોઈ શકે.

એકમાત્ર ધારકના મૃત્યુના કિસ્સામાં મૃતકના કાનૂની વારસદાર(રો) અથવા કાનૂની પ્રતિનિધિ(ઓ) એ સંબંધિત દસ્તાવેજો રજૂ કરીને મૃતકના ડિમેટ એકાઉન્ટમાં રહેલા બેલેન્સને કાનૂની વારસદાર(રો) અથવા કાનૂની પ્રતિનિધિ(ઓ)ના એકાઉન્ટમાં લઈ જવા માટેની વિનંતી સાથે બેંકનો સંપર્ક કરવો અનિવાર્ય છે.

**અન્ય પ્રવૃતિઓઃ** અન્ય પ્રવૃતિઓમાં સરનામા, બેંકની વિગતોમાં સુધારો; ડિમેટ એકાઉન્ટ ખોલાવ્યા બાદ ડિમેટ એકાઉન્ટમાં કોઈપણ ફેરફારો માટે સહી, નોમિનેશન વગેરેનો સમાવેશ થાય છે. જરૂરી સુધારા માટે ગ્રાહકે બેંક શાખામાં નિયત ફોર્મેટમાં સંબંધિત વિનંતિ રજૂ કરવાની રહે છે. ડિમેટ એકાઉન્ટની વિગતોમાં સફળતાપૂર્વક સુધારો થાય એટલે બેંક ગ્રાહકને જરૂરી પુષ્ટિ પૂરી પાડશે.

કૉપીરાઈટ કોટક મહિન્દ્રા ગ્રુપ. બધા જ અધિકારો અબાધિત.